॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 7 • Issue : 5 • 5th March, 2025 • Price : Rs. 10




**હરિઃૐ આશ્રમ, સુરત**

પૂજ્ય શ્રીમોટાનો ૮૭મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવની
વધુ વિગતો ટાઈટલ પેજ નં. ૨ ઉપર આપેલી છે.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનો ૮૭મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ



**આત્મીય સ્વજનશ્રી,**

પૂજ્ય શ્રીમોટાનો ૮૭મો સાક્ષાત્કારદિન ચૈત્રી સુદ નોમ-રામનવમી હોઈ પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર મળ્યો છે. શ્રીમોટાના મૌલિક અને અનેરા એવા આ ‘ઉત્સવ’માં આપ સૌને પરિવારજનો -મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન : શ્રીમતી લક્ષ્મીબહેન અશોકભાઈ પટેલ**
**શ્રીમતી નેન્સીબહેન રવીન્દ્રકુમાર પટેલ, હાર્વિ, શિવાંશી તથા પરિવાર**

**મિલન સમારંભ તેમજ ઉતારાનું સ્થળ :**
**શ્રી સુરતી મોઢવણિક સમસ્ત પંચની વાડી,**
**સિમ્સ હૉસ્પિટલની બાજુમાં, લાલદરવાજા, સુરત.**

**કાર્યક્રમની રૂપરેખા : તા. : ૦૫-૦૪-૨૦૨૫, શનિવારે સાંજે**

| | | |
|---|---|---|
| ૬:૦૦ થી ૬:૩૦ | : | હરિઃૐ નામસ્મરણ ધૂન |
| ૬:૩૦ થી ૭:૩૦ | : | ભજનો - લવાછા મંડળ |
| ૭:૩૦ થી ૮:૩૦ | : | ભોજન પ્રસાદ |

**રવિવાર સવારે તા. ૦૬-૦૪-૨૦૨૫**

| | | |
|---|---|---|
| ૬:૩૦ થી ૭:૩૦ | : | ચા-કૉફી-અલ્પાહાર |
| ૭:૩૦ થી ૮:૦૦ | : | હરિઃૐ નામસ્મરણ |
| ૮:૦૦ થી ૯:૦૦ | : | નિત્ય પ્રાર્થના-આરતી |
| ૯:૦૦ થી ૧૦:૧૫ | : | ભજનો (ભાવિક પટેલ અને સાથીવૃંદ) |
| ૧૦:૧૫ થી ૧૦:૩૦ | : | ઍવૉર્ડ વિતરણ |
| ૧૦:૩૦ થી ૧૧:૩૦ | : | પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન - શ્રીમતી વિભૂતિબહેન દિલજિતભાઈ શાહ (ત્રિચિનાપલ્લી) |
| ૧૧:૩૦ થી ૧૧:૪૫ | : | આશ્રમનો અહેવાલ |
| ૧૧:૪૫ થી ૧૨:૧૫ | : | યજમાન આભારવિધિ ગુરુવંદના |
| ૧૨:૩૦ થી ૨:૦૦ | : | ભોજન પ્રસાદ |

YouTube

ઉત્સવની લિંક મેળવવા માટે અહીં ક્લિક કરો. નોટિફિકેશન માટે ચેનલને સબસ્ક્રાઈબ કરો.

**: વિજ્ઞપ્તિ :**

શનિવારે તા. ૦૫-૦૪-૨૦૨૫ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઇચ્છનાર સ્વજનોને તેમની સંખ્યા તા.૦૧-૦૪-૨૦૨૫ સુધીમાં નીચેના કોઈ પણ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

સંપર્ક સૂત્ર : સુરત : રવીન્દ્ર અશોકભાઈ પટેલ : મો. ૯૯૭૯૩૧૨૧૨૧/ નિમિષભાઈ રંગુનવાળા : મો. ૯૩૭૪૬૧૦૦૨૨

ઉત્સવનું લાઈવ પ્રસારણ નિહાળવા માટે YouTube ચેનલને સબસ્ક્રાઈબ કરો.

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૭, અંક-૫ માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ માર્ચ-એપ્રિલ, ૨૦૨૫

## પ્રેમ એટલે ગુલામી

**સ્વજન-બહેન :** મોટા, ગમે તેમ અમે તો સ્ત્રીઓ રહી. આપ કહો છો એવી શક્તિ અમારામાં ક્યાંથી આવે ? **જેને પ્રેમ કરતાં હોઈએ-એની જ ખાતર આપણે બધું જ કર્યા કરીએ -એના કર્યા સામે જોઈએ નહિ-એનું આડુંઅવળું કર્યું લક્ષમાં પણ ન લઈએ તો એ એક પ્રકારની ગુલામ વૃત્તિ જ થઈ ગણાયને ?**

**શ્રીમોટા :** આપણે આપણી જાતને બળ નહિ આપી શકીએ તો બીજો કોણ આપી શકવાનો હતો ? આપણે આપણા માટે જેટલા ઉત્સુક રહીશું તેટલું બળ આપણને મળી રહેવાનું છે. **બળ તો આપણા હૃદયમાંથી કરેલા નિશ્ચયમાંથી અવતરવાનું છે અને એકલા ખાલી નિશ્ચયથી પણ કશું વળવાનું નથી. આપણા દોષ જેમ જેમ આપણને સૂઝતા જાય તેમ તેમ જ્યારે આપણે તે હઠાવીને નિર્મૂળ કરી શકીએ ત્યારે જ આપણા બળનું સાચુ ભાન થાય છે.** એવી શક્તિ બધામાં હોય છે. માત્ર, આપણે એનો ઉપયોગ કરતા નથી. એટલે એ જડ થઈ ગયેલી હોય છે. **પડેલો માનવી પોતે ઊઠવાનો પરિશ્રમ નહિ કરે ત્યાં સુધી એને કોઈ ઉઠાડી શકવાનું નથી.** માટે, જે નિશ્ચય કરીએ એને મરણ સુધી વળગી રહીએ. **મરણ ભલે આવે પણ નિશ્ચય દૃઢ રહે એવું કરીએ ત્યારે જ દિલમાંનો ભાવ જાગૃત થવાનો છે. સ્ત્રીઓમાં જે સર્જનાત્મક શક્તિ છે, એ શક્તિ અજબ છે.** અમારા કરતાં તમે લોકો તો ઘણું કરી શકો, પણ એ **સાથેની નબળાઈઓ પણ તમારા લોકોમાં એટલી જ પડેલી છે. એટલે આપણે તો ઊંડા ભાવને માત્ર પ્રદીપ્ત કરવાનો રહે છે. જેને આપણે આપણું દિલ સોંપ્યું, જેને આપણે જિગર ગણીએ, જેને સર્વસ્વ ગણીએ. એવા પ્રેમીને ખાતર તો શું ન કરીએ ? એને જેમાં સુખ મળે તેમાં આપણને આનંદ પડવો જોઈએ. એની રહેણીકરણી અનુસાર આપણું જીવન હોવું જોઈએ. આપણે આપણા પ્રેમીમાં ભળી જવાનું છે. એટલે આપણે આપણું સ્વતંત્ર વ્યક્તિત્વ પણ મિટાવી દેવાનું છે. એને કોઈ ગુલામી કહે તો એ પણ મારે તો કબૂલ છે. એવું ગુલામીખત પ્રેમની ખાતર કરી આપવું પડે તો એ પણ હું તો કરી આપું. તેથી, તમને પણ એવી જ સલાહ આપું કે પ્રેમીને ખાતર ગમે તે કરવામાં આપણને લહેર થવી જોઈએ. એમાં ગમતા ન ગમતાનો પ્રશ્ન જ ન ઊઠવો જોઈએ અને એમાં અણગમો પણ ન થવો જોઈએ.** આપણા પ્રેમી ઉપર જો આપણો સાચો પ્રેમ જાગ્યો હશે તો, આ જીવન તો શું, પણ એવાં કેટલાંયે જીવનો આપણે એના ઉપર અને એને માટે ન્યોછાવર કરી દઈશું.

**સ્વજન :** મોટા, બીજી વચ્ચે એક આડવાત કરું. **પ્રેમની ભાવનાને ઈશ્વરની ભાવના સાથે સરખાવી છે તો પ્રેમ તો એકબીજાના હૃદયમાં ભારે ઉત્પાત મચાવે છે. ક્યારેક મોટી હિંસા પણ કરાવે છે. પ્રેમને લીધે એવું બધું કેમ થતું હશે ?**

**શ્રીમોટા :** ન જોયેલું, ન સાંભળેલું અને ન સમજમાં આવે એવું જગતમાં ઘણું બધું બનતું હોય છે. ઘણી વાર તો આપણા પોતાના જ જીવનમાં અને આપણી નજર સમક્ષ એવું ઘણું બન્યાં કરતું હોય છે કે જેનું મહત્ત્વ આપણને સમજાતું હોતું નથી. **જગતમાં જો કોઈ ભારેમાં ભારે મોટો ચમત્કાર હોય તો તે પ્રેમની શક્તિનો છે. પ્રેમ કંઈ ઈશ્વર વિશેની સમજણની જેમ અદ્ધરપણે લટકતો અને કલ્પનામાં અને બુદ્ધિમાં ન આવે તેવો નથી. પ્રેમ તો કંઈ કંઈ સૃષ્ટિ રચાવે છે, ચલાવે છે અને નાશ પણ કરાવે છે અને એકબીજાના હૃદયમાં કંઈ કંઈ ઉત્પાતો મચાવે છે ! આ બધું લોકોની સમજણમાં નથી ઊતરતું,** પરંતુ આપણા નિત્યના જીવનવહેવારમાં પણ જો આપણે જોઈશું તો પ્રેમ આવું જ કરતો હોય છે એમ જણાશે. **'પ્રેમની ભાવના એ જ ઈશ્વરી તત્ત્વ છે' એમ કહ્યું છે તેનું કારણ એ કે ઈશ્વરમાં આરોપેલા કે સમજાયેલા ગુણો, શક્તિ અને અસર પ્રેમના જેટલાં જ છે.**

**લગ્ને હજો મંગલમ્-આઠમી આ., પૃ. ૧૨ થી ૧૪**

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

*શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન*
*શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ*
*શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ*
*શ્રી પ્રણવભાઈ એસ. પટેલ*
*શ્રી કીર્તિભાઈ બી. પરમાર*

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**
છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાનો મૌલિક દૃષ્ટિકોણ આરતી (પ્રાર્થના) | – રમેશ ભટ્ટ | ૫ |
| ૨. | કર્મનું ક્ષેત્ર | – મોટા | ૬ |
| ૩. | હરિ વસે હરિના જનમાં | – મનુ પંડિત | ૭ |
| ૪. | ભક્તિ કોને કહેવાય ? | – રતિલાલ મહેતા | ૮ |
| ૫. | યુગ્મ ભાવનાનો ઉચ્ચતમ આદર્શ | – રમેશ ભટ્ટ | ૧૦ |
| ૬. | સમાજ માટે લૂંટારો પણ બનું | – શ્રીમોટા | ૧૧ |
| ૭. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા : નાગાબાવા - નંદુભાઈ શાહ | – સંપાદક : રમેશ ભટ્ટ | ૧૨ |
| ૮. | પ્રેમભરી કરકસર | – મોટા | ૧૫ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાના અનંત ઉપકારો | – શ્રી દિલજિત શાહ | ૧૭ |
| ૧૦. | સદ્ગુરુ પાસે જવાનું શ્રેષ્ઠ પ્રયોજન | | ૨૦ |
| ૧૧. | કદરહીન સમાજ | – મોટા | ૨૧ |
| ૧૨. | જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી-૨ | – સંપાદક : રતિલાલ મહેતા | ૨૨ |
| ૧૩. | ઉર્મિનો સદ્ઉપયોગ | – મોટા | ૨૪ |
| ૧૪. | બધાંને જ ચાહવાનું | – શ્રી રમણભાઈ અમીન | ૨૫ |

**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

એકાઉન્ટનું નામ : **હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD
બેંકનું નામ : BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad
સેવિંગ્સ એકાઉન્ટ નંબર : 72850100008267
IFSC કોડ : BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.)

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. પૂજ્ય શ્રીમોટાનો મૌલિક દૃષ્ટિકોણ – આરતી (પ્રાર્થના) – રમેશ ભટ્ટ

પૂજ્ય શ્રીમોટા રચિત **'આરતી'**ની ભાવાત્મક સમજૂતીની સુધારેલી-વધારેલી અધિકૃત આવૃત્તિ પ્રગટ થાય છે ત્યારે સાધના માટે સજ્જ થતાં શ્રેયાર્થીને તેઓશ્રીએ જે રીત દર્શાવી છે એમાં રહેલા મૌલિક દૃષ્ટિકોણ પ્રત્યે ધ્યાન દોરવું યોગ્ય લાગે છે. **'અધ્યાત્મિક સાધના' કે 'જીવનવિકાસનો માર્ગ', પૂજ્ય શ્રીમોટાએ સૂચવેલી સાવધાની વિના, ધૂંધળો અને મોટેભાગે ભુલભુલામણીવાળો તેમ જ ઘણી વાર ભ્રાંતિમાં રાખનારો બની જાય તેવી શક્યતા છે.**

શ્રેયાર્થીએ જીવનને ખીલવવા માટે જે માર્ગ પસંદ કર્યો હોય અને એ માટે જે સાધનનો અભ્યાસ કરવા તત્પર થયો હોય એણે સૌ પ્રથમ પોતે લીધેલા માર્ગ તથા સાધન અંગે વૈચારિક સ્પષ્ટતા કરી લેવી જોઈએ. પૂજ્ય શ્રીમોટા લખે છે કે **'મનને ચારેબાજુથી પૂરું ચકાસ્યા વિના આ જ ધ્યેય છે એમ નક્કી ન કરી નાખવું...'** હમણાં એમ લાગ્યા કરશે 'હા, એ જ ધ્યેય સાચું છે અને ખરું છે.' પણ પછીથી તો મનના બળવાની તોબા તો માત્ર તેવો અનુભવી જ જાણી શકે છે. એટલે તમે કોઈ રીતે ઉતાવળા ન થાઓ. હમણાં બીજું છોડીને જીવનની બાબતમાં અત્યંત પ્રેમભાવે બધું વિચાર્યા કરો. અને એનું ચિંતવન થવા દો.

તમે હમણાં જ જપયજ્ઞ શરૂ કર્યો છે તે જો હમણાં માંડી વાળી શકો તો તેમ કરવા મારી તમને ભલામણ છે, કારણ કે હમણાં તો બને તેટલો બધો સમય જાગ્રત રહીને મનની ગતિને ઓળખવાનો પ્રયત્ન કર્યા કરો. તથા હવે પછીના જીવનનાં વલણ ને ધ્યેય બાબતની ચોખવટ દિલ સાથે કરતા રહો. તે જ બાબતનું સતત ચિંતવન કર્યા કરો, અને મન સાથે તે બાબતની બરાબર પૂરી સમજૂતી કરી લો. ('જીવનપગરણ',ચોથી આ; પૃ. ૩ અને ૧૫)

**સાધનામાર્ગ અંગેના વાંચનમાં પણ સમજણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'સમજ્યા' વિનાનું વાંચવું તે વાંચ્યું ન કહેવાય, પરંતુ સમજવાના દ્વારને બંધ કર્યું ગણાય. સમજીને વાંચવાનું રાખવું. જે કંઈ સમજીએ એનું રહસ્ય, હેતુ, ગાંભીર્ય ને જોખમદારી પૂરેપૂરાં પ્રીછીએ. આવી રીતથી અને ભાવનાથી વાંચીએ તો જ સમજનાં દ્વાર ઊઘડે. સાચું શું છે, તે સમજવાને આપણે પોતે ખુલ્લા થવું પડશે. તે વિના ગમે તેમ વાંચેલું ખપમાં આવવાનું નથી.'** ('જીવનમંથન' બીજી આ, પૃ. ૧૮૬)

**જો આપણામાં ભાવનાનો વિકાસ અનુભવાય તો એકનું એક જ વાંચેલું પણ નવી સમજણથી પ્રકાશિત થાય, આથી નવી સમજણના પ્રકાશમાં અગાઉની સમજણને ત્યજી દેવાની પણ તૈયારી રાખવી જોઈએ. પૂજ્ય શ્રીમોટાએ જડતાભરી સમજણને 'ઝેર' સમાન ગણાવી છે.** સમજણનાં દ્વાર ઉઘાડવા માટે **'ભાવનાથી વાંચીએ'** એમ સૂચવ્યું છે.

ભાવનાત્મક સમજ વિના જે કાંઈ કંઈ પણ કરવા લાગી જાય છે અથવા પોતે જે કંઈ કરે છે એ જ બરાબર છે એવી જડતા ધરાવે છે એને ઉદ્દેશીને પૂજ્ય શ્રીમોટાએ પ્રેમપૂર્વક સ્વતંત્રતા આપી છે-વ્યંગ્યાર્થમાં મુક્તિ આપી છે. 'પુનિત પ્રેમગાથા' બી.આ; પૃ. ૧૮૧) પર લખે છે કે–

***'વિના વિચાર્યું જો કરવું કંઈ હો તો મને છોડી દેજો,***
***તમારું સૌ જે તે પ્રભુ કરવશે શ્રેય કલ્યાણ પૂરું;***
***મને બિચારાને ગરદન તમે મારતાં કાં નકામા ?***
***બગાડ્યું ના મેં તો તમ કંઈ કશું એ રીતે તો વિચારો.'***

વિચારોની સ્પષ્ટતા અને બૌદ્ધિક સમજૂતીનું આટલું બધું મહત્ત્વ આધ્યાત્મિક સાધના અંગે ભાગ્યે જ જોવા-જાણવા મળશે. **આધ્યાત્મિક અનુભૂતિ કે દૃશ્ય-દર્શનને પણ બુદ્ધિગ્રાહ્ય થાય તે રીતે સ્વીકારવા-સમજવા કહ્યું છે.** અનુભૂતિની શક્યતાનો વિચાર પણ સ્પષ્ટ કરવા વારંવાર કહ્યું છે. આથી શ્રેયાર્થી કોઈ દૃશ્ય-દર્શન કે અનુભૂતિથી મુકામે પહોંચ્યાની ભ્રાંતિમાં ન અટવાય. આ માટે આત્માના અનુભવને સમજી-પરખી શકે એવી શુદ્ધ મતિ રહ્યાં કરે એ માટે આરતીમાં ખાસ ગવાયું છે. એટલા માટે નવ કડીની આરતીમાંથી ચાર કડીમાં 'મતિ' અંગેની સાધના સૂચવી છે.

*આહુતિ મંત્ર અને આરતી પૃ. ૪,૫,૬*

## નામસ્મરણ—પરિણામ

**મનને વિચાર કરતું અટકાવી રાખવું હોય ને એને બીજા રચનાત્મક કામમાં વાળી રાખવું હોય, તો આપણે ખૂબ ખૂબ મંથન કરીને જાગૃતિ રાખીને, સતત ભગવાનનું નામ લીધાં કરવાનું છે.** એમાં આપણે મરી મીટવાનું છે. વળી, આપણે અંતરમાં ને બહિરમાં બંને રીતે એક થવું હોય, તો **બહિરમાં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે ને અંતરમાં એક થવાને માટે ધ્યાનની જરૂર છે.** કર્મ તો પ્રત્યેક પળે આપણે કરતાં રહેતા હોઈએ છીએ જ; પણ એ કર્મમાંથી આપણે એને જ દૃઢપણે વળગતાં રહીએ—થઈએ, તેમાં પણ **આપણા વિકાસનો હેતુ રાખીને કર્મ કરવાનાં છે.** આપણા એકલા જ માટે પણ, એના સાચા અર્થમાં યોગ્ય રીતે કર્મ આપણાથી થતાં જશે, તો એ વિશ્વમાં પ્રસરશે જ. **આપણો પરિવાર, કુટુંબકબીલો, વ્યવહાર, વેપારવણજ વગેરે પણ કર્મ જ છે. એટલે કર્મનું પરિણામ ને કર્મનું ક્ષેત્ર છે — એ કર્મનો વ્યવહાર પણ આપણા આત્મવિકાસ માટે જ કર્યા કરવાનો છે.** એટલે જિજ્ઞાસુને જ્યારે એવા પ્રશ્ન થાય, ત્યારે વધારે અંતર્મુખ થઈને ભગવાનની અભિમુખ વધારે થવાય એવી રીતે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, આદરભાવના ને શરણાગતિની ભાવના કેળવ્યાં કરવાનું એણે રાખવું. **જે વસ્તુ આજે નથી સમજાતી તે કાલે સમજાશે જ એ નક્કી છે.**

સ્મરણનું પીઠબળ મળતાં આપણાં અંદરના તત્ત્વનું જોર બમણું, ત્રણગણું, કેટલાયગણું વધારે આપણને મળ્યાં કરતું લાગશે. એ તો એવા અનુભવ થતાં જ સમજાતું જશે. એમ સમજાતું જાય તો આપણે આપણી સાધનાને રસ્તે જઈએ છીએ એમ માનવાનું છે. એમ થતાં આપણામાં સૂતેલી આંતરચેતના વધારે ને વધારે તેજસ્વી થયા કરશે.

## કર્મના આદિ, મધ્ય, અંતમાં હૃદયનો ભાવ રાખવો ઘટે

**ભાવ એ વિચારનું અવ્યક્ત મૂળ અને વિચાર એ ભાવનું વ્યક્ત રૂપ છે.** એટલે ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે. પણ ‘ભાવ’ એ શું એની તો હજુ ગતાગમ માનવીને જ્યાં સુધી પડેલી નથી. ત્યાં લગી એનું બાહ્યસ્વરૂપ, એટલે ભાષા, વિચાર, વર્તન, કર્મ, તેમા વિચાર ભાવ ભક્તિજ્ઞાનપૂર્વક સાધનાથી પ્રેરવવો રહ્યો. **એવા પ્રત્યેક સ્થૂળમાં, ભાવ પ્રેરવવાને જીવતો અભ્યાસ કેળવવાનું બન્યાં જતાં, અંતરસ્થ ભાવ છતો થવાનો જ;** અને એ છતો થતાં બાહ્યમાં એટલે કે વ્યક્તમાં-સ્થૂળમાં-પરિણામ પામતો જવાનો; એટલે તેનો જ્યાં જ્યાં જીવતો સ્પર્શ થવાનો, ત્યાં ત્યાં તેમનું તેમનું રૂપાંતર પણ થતું જવાનું. **આમ, કર્મને મહત્ત્વ આપવા છતાં તેનાથીયે સવિશેષ મહત્ત્વ માનવીએ કર્મના આદિ, મધ્ય ને અંતમાં, સતત એકધારો ગંગાના પ્રવાહના જેવો હૃદયનો ભાવ પ્રેરવવાનો અભ્યાસ, જીવતાં કર્મો કરવાનાં જ સળંગ, સમગ્ર લક્ષથી, રાખ્યા કરવાનો છે.** પ્રત્યેક કર્મમાં જેનો એવો ભાવ ભક્તિજ્ઞાનપૂર્વક રહ્યા કરતો હશે એને ક્યાંયે છેતરાવાપણું નથી. એવાનો રક્ષક એનો ભાવ જ બન્યા કરે છે.

## કર્મ-જંજાળમાંથી મુક્તિનો ઉકેલ

મળેલા ને સંબંધમાં આવેલા જીવો સાથેની જીવ સ્વભાવની દશા, વૃત્તિ મોળી પડે, તે જરૂરનું હોવા છતાં, તેમની તેમની સાથેનું આપણું ધર્મ-કર્તવ્ય અને તેમના તેમના જીવન સાથેની **આપણા હૃદયની પ્રેમ-ભાવના મોળી ના પડે,** બલકે વધારે સચેતન બને, તે પણ એક નોંધવા જેવી હકીકત છે. મળેલા સંબંધોવાળા જીવોનું, તે આપણે પણ જો કર્મ-પ્રારબ્ધ ઘટાડવું હોય, તો તે તે જીવાત્માની સાથેના વર્તન-વ્યવહારમાં આપણી જીવની દ્વંદ્વ ભૂમિકા જેમ જેમ અને જે જે રીતે પલટાતી જાય, એવું જ્ઞાનભક્તિપૂર્વકનું વલણ જો આપણે તેમની, તેમની સાથેના પ્રત્યેક વ્યવહાર-વર્તનમાં જાગૃતિ પૂર્વક કેળવતા રહી શકીએ, તો આપણે કર્મ કરતાં હોવા છતાં કર્મની જંજાળમાંથી મુક્તિ પામવાની દશા જરૂર પામી શકીએ. **જે જે કંઈ મળેલું છે, તેનાથી કદી પણ ભાગી શકાય નહિ. મળેલા સંજોગો અને મળેલી પરિસ્થિતિ એ આપણા જીવનવિકાસના હેતુ કાજે જ છે.** એવું આપણે સતત હૃદયમાં સમજી-સમજીને વધારે છે.

**અનુસંધાન પાના નં. ૧૪ પર**

## ૩. હરિ વસે હરિના જનમાં – મનુ પંડિત

સન ૧૯૬૫ની સાલની વાત છે. વેડછી આશ્રમવાળા શ્રી જુગતરામભાઈ દવે સૌરાષ્ટ્રના સાવરકુંડલા વિસ્તારમાં ભૂદાન પ્રચાર અર્થે ગયા હતા. ત્યાં અચાનક તેમને અશક્તિ જણાતાં પ્રવાસ ટુંકાવી વેડછી પાછા ફરવું પડ્યું. દાક્તરી તપાસ કરતાં માલૂમ પડ્યું કે લોહીમાંના રક્તકણો ઘટી ગયાં હતાં અને જેને પાંડુરોગ અથવા તો એનીમિયા કહે છે, તેની પ્રબળ અસર તળે આવી ગયા હતા.

આ દિવસોમાં આરામ લેવા તેઓ વાત્સલ્યધામ, મઢીમાં રોકાયા હતા, જેથી અન્નપૂર્ણાબહેનની પ્રેમભરી સારવારનો લાભ મળે. જુગતરામભાઈની માંદગીને લઈને તેમના જૂના આશ્રમવાસીઓ અને ગુજરાતના અગ્રણી સેવક ખબર જોવા આવતા હતા.

રવિશંકર મહારાજ અને બબલભાઈ આવી ગયા. સ્વામી આનંદ અને ખ્યાતનામ કલાગુરુ રવિશંકર રાવળ આવી ગયા. મરોલી આશ્રમવાળા કલ્યાણજીભાઈ અને માયજી આવી ગયા. એક દિવસ પૂ. શ્રીમોટા પણ આવ્યા હતા.

પૂ. શ્રીમોટાનો અમારે માટે આ પ્રત્યક્ષ દર્શન સહવાસનો પ્રથમ પ્રસંગ હતો. તેમનો પહેરવેશ સામાન્ય આશ્રમવાસી કરતાં તદ્દન જુદો પડતો હતો. માથે ફાળિયું, કમરે મોટો પટ્ટો અને અંગ ઉપર સાદું ઉપરણું. તેમની સાથે તેમના અંતેવાસી નંદુભાઈ પણ આવ્યા હતા. તેમને ઝૂલતા વાળ, ટૂંકી ધોતી અને ખભે લટકતી નાની થેલી અને પૂ. શ્રીમોટાની સારસંભાળ ઝંખતી પ્રેમભરી કરુણતા ભરી દૃષ્ટિ !

તેઓ પોતાની સાથે ફળની ટોપલી લાવ્યા હતા, તે તેમણે એમને આપી.

બંને બાપુના આશ્રમવાસીઓ, બંનેએ બાપુના બોલને ઝીલીને દલિતો, હરિજનો અને આદિવાસીઓની સેવા માટે જીવનભરનો સંકલ્પ કરેલો. શરૂઆતમાં પરસ્પરની ખબરઅંતર પૂછી ભૂદાનની પ્રગતિ અને આશ્રમવાસીઓના ખબર અંતરને લગતી વાત કરી અને પછી વિવિધ સામાજિક, રાજકીય, આધ્યાત્મિક વગેરે પ્રશ્નોની ચર્ચા કરી.

આ બધો વખત આ બંને બાહ્ય રીતે આશ્રમવાસીઓ છતાં આંતરિક રીતે અધ્યાત્મયોગીઓના સાંનિધ્યમાં તેમની જીવનચર્યાઓ અને વાતોમાંથી જીવનસમગ્રનું સંવાદી અને સમન્વયાત્મક દર્શન જોવા સાંભળવા મળ્યું હતું. બંનેની વિશેષતા એ હતી કે **આ બંને મહાપુરુષો પોતપોતાના આશ્રમો માનવીય સહજીવનની પ્રયોગશાળારૂપે ચલાવતા હતા.**

સામાન્ય રીતે સાંજની આશ્રમપ્રાર્થના પછી જુગતરામભાઈ આશ્રમવાસીઓ અને સમગ્ર સમાજને પ્રેરણાદાયી એવું કંઈ ને કંઈ સંબોધન કરતા. પૂ.શ્રીમોટા તો તેની ખબર પૂછવા આવ્યા હતા, એટલે રોકાયા નહોતા. એટલે આજની પ્રાર્થના સભામાં તેમણે પૂજ્ય શ્રીમોટાના જીવન અંગેની વાતો કરી.

તેમણે જણાવ્યું કે...

“આજે આપણે ત્યાં પૂજ્ય શ્રીમોટાના નામે જાણીતા સંત આવ્યા હતા. તેઓ સ્વયં પ્રજ્ઞાપુરુષ છે. આમ તો તેઓ બાપુની વિદ્યાપીઠમાં રહી ગયેલા, પરંતુ સ્વયંપ્રજ્ઞ એટલે પોતાની પ્રજ્ઞાથી નવો ચીલો પાડનારા પુરુષ છે. અમે બધા બાપુચીંધ્યા રચનાત્મક કામોના આશ્રમો ખોલીને બેઠા પણ મોટાએ હરિઃૐ આશ્રમ ખોલ્યો છે. **તેમણે માણસને શાંતિ અને સ્વાધ્યાયનો માર્ગ તે સ્વયં જાણે, અનુભવે અને પોતાની જાતને આગળ વધારે તેવો નામસ્મરણનો મહિમા આપ્યો છે.”**

ત્યાર પછી તેમણે પૂજ્ય શ્રીમોટાના જીવનમાં ફેકરુ નામે વ્યાધિની અકલ્પ્ય કથની સંભળાવી. પણ એમણે એના ઉપર જે રીતે કાબૂ મેળવ્યો, તે બાપુના સ્વાનુભવનો માર્ગ હતો. રામનામ ઉપર એમણે ખાસ ભાર મૂક્યો. પૂ. શ્રીમોટાએ પોતાના તેમ જ પોતાના સ્નેહીજનોની માંદગીમાં આનો અમલ કરાવી ચમત્કારિક પરિણામો સમાજ આગળ ઢગલાબંધ મૂક્યાં છે !

મૌનમંદિરની ફલશ્રુતિરૂપે અથવા તો તેમના આશ્રમમાં બેઠેલા સભ્યોના મુખે, તેમના અનુભવોમાંથી આપણે આ જોઈ શકીએ છીએ.

*(પાટીદાર વિશેષાંક, પૃ. ૨૩)*

## ૪. ભક્તિ કોને કહેવાય ?

**– રતિલાલ મહેતા**

**પ્રશ્ન :** ભક્તિ કોને કહેવાય ?

**ઉત્તર :** ભક્તિ એ ઊર્મિમય જીવન નથી, પોકળતા પણ નહિ; તેનો પાયો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો છે. **ભક્તિ એટલે મનાદિકરણોને સતત એકધારા એના પ્રિય ચિંતનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય. ભક્તિને કાજે હૃદયના ઉન્માદ અને ઉત્કટતાભર્યા અફાટ, અપાર ભાવની જરૂર રહે છે. ભક્તિ પરમ પરાક્રમથી ને શૌર્યથી ભરેલી છે.**

**પ્રશ્ન : ભક્તિભાવ બધા સંત પરત્વે રાખવો કે એક પ્રત્યે રાખવો ?**

**ઉત્તર : એક પરત્વે. જે જીવનો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અહમ્ વગેરેનો સમર્પણભાવ એક સંતમાં થઈ જતો હોય છે, ત્યારે એને બીજા કોઈ સંત દ્વારા પણ તેનામાં તેવો જ ભાવ પ્રેરાતો હોય છે.** આ જીવને ગુરુમહારાજના સ્થૂળ શરીર વિના બીજાઓ કનેથી પણ સાધનાનું શીખવાનું શ્રીપ્રભુકૃપાથી મળી શકેલું છે. **જો હૃદયથી સાચી રીતે એકને પામી શકીએ, તો અનેકને પણ પામી શકીએ.** જે એકને એવી રીતે, સર્વરીતે ને સર્વભાવે વરેલાં છે, એવા જીવમાં પણ પ્રત્યક્ષ તે તે દશાનાં લક્ષણો પ્રગટતાં હોય છે.

**પ્રશ્ન : જે એકને વરેલો હોય તેવા જીવમાં કેવાં લક્ષણો દેખાય ?**

**ઉત્તર : એવા જીવોમાં એક પ્રકારનું ઝનૂન અને ધૂન પ્રગટતાં હોય છે. તેની ભાવનાની ઉત્કટતા જેવી તેવી હોતી નથી.** એક સંસારી જીવ જે માત્ર ખાલી વાત કરનાર હોય છે અને બીજો તેવા ક્ષેત્રનો જીવ, પણ જેનું મન એકને જ વરવાપણામાં થયેલું છે ને જે રીતે તે ઝંખે છે - તે બંને જીવનાં વહેવાર, વર્તન અને બોલીમાં ફરક જણાયા વિના રહેતો નથી.

**પ્રશ્ન :** સદ્‌ગુરુ મુખ્ય કામ શું કરતા હશે ?

**ઉત્તર :** માને બાળક ઉછેરવાનું હોય છે, તો એનાં મળમૂત્રનો એને સંગ કરવો જ પડે છે. બાળકના મૂત્રથી ભીનાં થયેલામાં સૂવું પડે છે, ને એના મળથી પોતાને કદીક લીંપાવું પણ પડે છે. બાળકનું તે બધું એને સાફ કરવું પડે છે, કેમ કે બાળક પરત્વે માની કુદરતી પ્રેરણા એને તે પ્રમાણે વર્તાવે છે. એવી જ રીતે સદ્‌ગુરુનું છે.

**પ્રશ્ન :** ગુરુની પ્રથા પર ઘણા પ્રહારો કરતા હોય છે, તેનું શું કારણ હશે ?

**ઉત્તર :** જીવનવિકાસની ભાવનાવાળા જીવ તો બહુ જ વિરલ, નજીવા પ્રમાણમાં હોવાના તથા ચેતનની અપેક્ષાએ ચેતનને પ્રગટાવીને પ્રેરાવી શકે એવા સદ્‌ગુરુ પણ વિરલ જ હોવાના. **સમાજમાં ઘણાં પોતાની સ્વાર્થી કામનાઓ પોસવા માટે તેવા પ્રકારના ગુરુમાં ભેરવાઈ પડતાં હોય છે. આવા ગુરુશિષ્યના પ્રકારમાં બંનેને નુકસાન જ હોય છે.** આથી તેના પર પ્રહારો પડે તે તદ્દન યથાર્થ જ છે.

**પ્રશ્ન : જ્યોતિષશાસ્ત્ર વિશે આપ શું માનો છો ? એના પર કેટલો આધાર રાખી શકાય ?**

**ઉત્તર :** એક શાસ્ત્ર તરીકે તેની ગણતરી ખરી, પરંતુ બધું તેમાંથી નીકળેલું સાચું હોય છે તેવું કશું જ નથી. **એ ન જોવરાવવું તે ઉત્તમ.** જોવરાવ્યા પછી એનો એવો વિચાર દિલમાં પેસી જાય ને પછીથી તેવો વિચાર આપણને સતાવ્યા કરે છે. એટલે કાંતો જોવરાવો નહિ ને જોવરાવો તો પછી તેનો સંતોષ પ્રગટે તેવી રીતે તથા જોવરાવવાથી આપણા મનમાં પ્રવેશી ગયેલા વિચારને શાંતિ મળે તે પ્રમાણે કહ્યા પ્રમાણે કરીએ તો સારું. છતાં જ્યોતિષ પર શ્રદ્ધા ન હોય તેટલું ઉત્તમ. **જ્યોતિષ પર બધો આધાર રાખનાર દુઃખી થાય છે, એવો મારો મત છે. ગ્રહો**

વગેરે જે મત દર્શાવે છે તે પુરુષાર્થ અને પ્રભુકૃપાથી ફેરવી પણ શકાય છે, એમ હું માનું છું.

**પ્રશ્ન : 'માતૃપિતૃદોષ' હોય તો તે 'નારાયણબલિ' કરવાથી દૂર થઈ જાય છે એ વાત સાચી ખરી ?**

**ઉત્તર : 'નારાયણબલિ' તો તૂત છે. જો એવા માતૃપિતૃદોષના વિચારો આવ્યા જ કરે તો તે તે વખતે ખરા દિલથી પ્રાર્થના કર્યા કરવી, તે ઉપાય ઉત્તમ છે અને નામસ્મરણ તો હાલતાં ચાલતાં કરવું. તેવા સ્મરણથી શરીરના આરોગ્યને પણ મદદ થાય છે. એ કંઈ મનના ગપગોળા નથી. નામસ્મરણ જીવનનાં સર્વક્ષેત્ર ને પાસાંમાં મદદ કરનાર છે, ઉત્સાહ પ્રેરનાર છે.**

**પ્રશ્ન :** મૃત્યુનો વિચાર આવતાં ભય લાગી જાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** પ્રાર્થના કરવી. પણ મૃત્યુનો વિચાર જ ન કરવો કારણ કે જે આપણા ધાર્યા પ્રમાણે તો બનવાનું જ નથી તેથી પહેલાં કે પછીનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. વળી, તેવો વિચાર તો મનની નબળાઈ સૂચવે છે અને ડર તો કાઢવો જ જોઈએ. **જેનો જેનો ડર લાગે છે તે તો તેવા પ્રકારના પડી ગયેલા સંસ્કારને લીધે છે. માટે તે તે સમજીને તેવા બધા જ ડર કાઢી નાખવા. ઊલટું ડરના વિચારો માનવીને એમાં વધારે જકડાવ્યા કરે છે.**

**પ્રશ્ન :** આપ ભાવના ઉપર આટલો ભાર મૂકો છો, તો તેનું હાર્દ સમજાવશો ?

**ઉત્તર :** જ્યારે જીવનમાં સાચેસાચી ભાવના પ્રગટે છે ત્યારે તેવી સમજણ ઊગ્યા વિના રહેતી નથી. **જેને ધ્યેય પરત્વેની ઝંખના જાગી છે તેનામાં ભાવના પ્રગટે છે, ને તેવી ઝંખના પ્રગટાવવાને માટે અભ્યાસ, ઉદ્યમ, ઉત્સાહ વગેરેની પણ જરૂર છે. એમાંથી પછી ગતિ પ્રગટી શકે અને ભાવના આપણી આંખ ખોલે છે, આપણને તે બેઠાડું રહેવા દેતી નથી.** શરીરના એકેએક અંગની કેળવણી ભાવનામાંથી પ્રગટે છે. તેથી **ભાવના હજાર હાથવાળી અને હજાર આંખવાળી કહી શકાય. ભાવના એકરંગી હોવા છતાં અનેક રંગી પણ છે. ભાવના એક સ્વરૂપવાળી હોવા છતાં બહુ સ્વરૂપિણી પણ બની શકે છે. આમ ભાવના ગુરુ, માતા, પિતા, પતિ અને સખા પણ બને છે.** તેથી ભાવના સાથે આપણું સગપણ બાંધો એ જ જરૂરનું છે. **સ્મરણ પ્રાર્થના, ભજન, કીર્તન વગેરેના અભ્યાસથી ભાવ પ્રગટે છે.**

**પ્રશ્ન : ચિત્તની પ્રસન્નતા માટે શું કરવું જોઈએ ?**

**ઉત્તર :** સાધનામાં પડેલા જીવને આ પ્રશ્ન નહિ ઊઠે, કેમ કે સાધનાનું એક લક્ષણ જ પ્રસન્નચિત્તતા છે. **આમ છતાં પ્રસન્નતા મેળવવા માટે નીચે જણાવેલી રીતો આદરવી જોઈએ.**

૧. પ્રત્યેક જીવની સાથે મૈત્રીની ભાવના રાખવી જેથી વેરવૃત્તિ ઘટે.

૨. કરુણાનો ભાવ પ્રેરકની સાથે કેળવવા અભ્યાસ પાડવો. તેથી કરીને અહંકાર વગેરે વૃત્તિઓનો લય થાય.

૩. મુદિતાનો ભાવ કેળવવો. તેનાથી સાહજિક કદરવૃત્તિની ભાવના જાગે અને પરસ્પર સહાયથી ઉચ્ચ ભાવના પ્રગટે, અને

૪. ઉપેક્ષા એટલે નિઃસ્પૃહતાથી લોભ, ક્લેશ, મોહ, મમતા વગેરેનો નાશ થવા માંડે.

તે ઉપરાંત નિંદા અને લૌકિક વાતો પ્રસન્નતાને જન્મતાં અટકાવે છે.

**પ્રશ્ન :** જે 'આત્મનિવેદન'ની વાત પર આપ વારંવાર ભાર મૂકો છો તે સમજાવશો ?

**ઉત્તર : દરેકના જીવનમાં કંઈ ને કંઈ મડાગાંઠો હોવાની જ. સાધકનો તેમાં સમાવેશ થઈ જાય છે. હવે જો તે સંપૂર્ણપણે ખુલ્લો ન રહ્યા કરે, એનાથી નોખાપણું ન રાખ્યા કરે, તો તે ક્યાંક ફસાઈ જવાનો. એટલે સાધકે પોતાના મનના વિચારોને આત્મનિવેદનની ભાવનાથી જણાવ્યા કરવા ઘટે.** જે વિચારો મનમાં સૂક્ષ્મપણે છુપાઈને પડેલા હોય છે, તે વખત જતાં બળવાન બને છે અને આપણને ઊંધે પાટે પણ ચઢાવે છે. એટલે **આપણામાં 'આત્મનિવેદન'નો પ્રકાર એ ઉત્તમ પ્રકારની ભક્તિ ગણેલી છે.** — શ્રીમોટા સાથે વાર્તાલાપ

## ૫. યુગ્મ ભાવનાનો ઉચ્ચતમ આદર્શ — રમેશ ભટ્ટ

**સ્વજન :** મોટા, આપે તો એક નક્કર હકીકતવાળી વાત કરી. જીવનનાં સુખ શાંતિ ખાતર પણ લગ્નની ભાવનાને ચરિતાર્થ કરવા મથવું જ રહ્યું. **આપની દૃષ્ટિએ યુગ્મભાવનાનો ઉચ્ચતમ આદર્શ કયો છે ?**

**શ્રીમોટા :** પ્રકૃતિની પાછળ સત્તાધીશ કે પ્રકૃતિનાં સર્વ કર્મ પાછળ મહોર મારનાર પરમ પુરુષને જાણવા, સમજવા અને અનુભવવા અને તેનાથી પર પણ જે કંઈ હકીકતરૂપે સત્ય રહેલું છે, એનો સાક્ષાત્કાર કરવા માટે યુગ્મની ભાવના છે.

સ્વજન : એટલે કે આપણા જીવસ્વભાવને સંચાલિત કરનાર પરમ તત્ત્વને સૌથી પહેલાં તો જાણવું જોઈએ. પછી એનું મનનચિંતવન કરીને એની શક્તિ અને સત્તાને સમજવી જોઈએ. પછી એ જાણેલું અને સમજેલું શક્તિતત્ત્વ અનુભવવું જોઈએ અને પછી પણ એ બધાંથીય પર હકીકતરૂપે જે સત્ય એકરૂપ છે એનો સાક્ષાત્કાર થવો જોઈએ. માટે યુગ્મની આ ભાવના રહેલી છે.

**શ્રીમોટા :** મેં તમને યુગ્મની ભાવનાનું અંતિમ લક્ષ્ય શું છે એ કહ્યું. એ તમને સ્પષ્ટ સમજાયું છે, એ હેતુથી પુનરાવર્તન કર્યું એ ઠીક કર્યું. પુનરાવર્તનથી સમજ દૃઢ થાય ખરી. હું તમને હજી વધુ આગળ વાત કહું. **બે જીવો એક બને - એક થાય - એવી પ્રક્રિયાને લીધે જ સૃષ્ટિ ઉપરનો આ સમાજ છે. એવા આ સમાજને ઉચ્ચતર ભૂમિકાએ લઈ જવા માટે લગ્નની ભાવના છે. પોતાની સાથે જોડાયેલા જીવની જે કોઈ જીવ અવગણના કરે છે, તે સમાજની પણ અવગણના કરે છે. એવા જીવોનાં લાખ્ખોનાં દાનધર્માદા વૃથા છે. એ બધી એક પ્રકારની આળપંપાળ છે, એમાં કશો દમ નથી.** એવાં દાનથી સમાજની ભાવના કદી ખીલી શકવાની નથી. કદાચ સ્થૂળ દૃષ્ટિએ સમાજનું કંઈક ચાલતું રહે ખરું, પણ લગ્નની જે ઉચ્ચ ભાવના છે એમાંથી જ દાનનો ખરો ભાવ કેળવાતો જાય છે. એવી ઉચ્ચ ભાવનાથી જીવન જીવ્યાથી ઊંચી સંસ્કૃતિ કે સંસાર મળ્યા કરવાનો છે.

**જમીનમાં વૃક્ષનાં બીજનું લગ્ન (જોડાણ) થાય છે અને કૃપારૂપી જળ એના ઉપર પડતાં તેમાંથી જીવન સાંપડે છે, તેમ લગ્ન થયા પછી ભાવનાત્મક રીતે જીવવાથી - મતલબ કે એકરાગ - એક ભાવમય બની રહેવાથી - ઉચ્ચ જીવન સ્થિતિ - એકમય થયાની સ્થિતિ - ખીલી ઊઠે છે.**

**સ્વજન :** લગ્ન પછીના આદર્શ - સંવાદી જીવન માટે બંનેનાં જીવન સમાન કક્ષાનાં તો હોવાં જ જોઈએને ?

**શ્રીમોટા :** અહીં જ તમારી ભૂલ થાય છે. **કોઈક ગૂઢ કર્મબળથી બે જીવો લગ્નસંબંધથી જોડાય છે. એમણે ઉચ્ચ જીવન માટે લગ્ન ભાવનાને ધ્યાનમાં રાખી જીવવાનો પુરુષાર્થ કરવાનો છે.**

ભલેને એ બે જીવ એકસરખી કક્ષાના ન હોય તો તેથી શું ? શું એણે પોતાની હાર કબૂલ કરવી ? એમ કરવા જતાં તો તે વધારે નબળાઈ વહોરી લેવાનો છે. **નબળાઈનો સામનો નબળાઈ વધારીને થઈ શકવાનો નથી, પણ વધારે સબળા થઈને થઈ શકવાનો છે. માનવીએ જો જીવનનો વિકાસ સાધવો**

**હોય તો તેણે પ્રત્યેક પરિસ્થિતિ ઉપર જીત મેળવવી જ ઘટે અને એમાંથી જ જીવંત શક્તિ પ્રગટાવવી ઘટે.**

**શક્તિ પણ એના સંબંધ વિના પ્રગટી જાણી નથી. એવી શક્તિ માનવી એકલે હાથે પણ મેળવી તો શકે છે, તેમ છતાં એણે એવી શક્તિ પેદા કરવા માટે કશાકની સાથે જોડાણ - લગ્ન તો કરવું જ પડે છે. આ એક ઘણી જ મહત્ત્વની ગૂઢ વાત છે.** તેથી, લગ્ન વિના કશું જ શક્ય નથી. આ સમગ્ર કથનને ભાવનાત્મક રીતે સમજવાનું છે. માટે જ **લગ્નની ઉત્તમ ભાવનાનો વિચ્છેદ થવો કદી પણ શક્ય નથી, કેમ કે એની પાછળ તો કર્મસંબંધ રહેલો છે.**

**જગતમાં જે કોઈ શક્તિ જ્યાં જ્યાં વ્યક્તરૂપે જણાય છે, તે તે શક્તિ લગ્નથી જન્મેલી હોય છે. એટલે જીવ સાથેનો લગ્નસંબંધવાળો ભાવ કોઈ ને કોઈ રૂપે મળ્યા જ કરવાનો છે. માટે, જીવસ્વભાવથી દોરવાઈ જઈને તેવી ભાવનાને અયોગ્ય પણે વહી જવા દેવી એ, જેનામાં બુદ્ધિ છે, સમજ છે, ધર્મની કંઈક ભાવના છે, એવા માનવીનું કામ નથી.** એવી રીતે દોરવાઈ જવાથી જીવને મંથન થવાનું નથી એવું તો નથી જ, **પણ એ રીતે દોરવાઈ જવાથી દેખીતી રીતે પહેલાં તો સુખરસ મળ્યો છે એમ મનાશે, પણ અંતે તો એ એને વિષ જેવું જ લાગવાનું છે.**

દામ્પત્યભાવના, સાતમી આ., પૃ. ૧૪ થી ૧૬

## ૬. સમાજ માટે લૂંટારો પણ બનું —મોટા

તો વળી પાછા તમારામાંના બુદ્ધિવાળા કહેશે કે આ મોટા તો અમસ્તા બડબડ કરે છે પૈસા લૂંટી લેવા છે. મારું ચાલે તો હું લૂંટી લઉં સાહેબ. મારો પહેલો હક તમારા બધા ઉપર છે. મારું ચાલે તો હું જરૂર લૂંટી લઉં, છૂટકો ના કરું. ચાવીઓ તમારી અદશ્ય કરી દઉં.

એવો પ્રસંગ પ્રયોગ કરીને બતાવ્યો છે, પણ કોઈ માને નહિ. વડોદરામાં સાહેબ, હું, જયરામભાઈ દેસાઈને ત્યાં હતો. હજી જઈને પૂછી જુઓ એની બૈરીને. તેની છોકરીને કહ્યું, 'અમિતા, આ જ તો આ પુષ્પાશંકરનું (જયરામભાઈ દેસાઈનાં પત્ની પુષ્પાબહેન) બધું કાઢી લેવું છે, કબાટમાંથી. માટે, આ ચાવી તું સંતાડી રાખ. પેલી અમિતાને કહ્યું, એમની છોકરીને, પણ એ તો એનું કાંઈ ગજું બિચારીનું ? અને એ સાચી રીતે **મોટા** બોલે છે એવું માને કંઈથી ? ના માને સાહેબ, પણ તે રાત્રે એને ચાવી જડી જ નહિ. સવાર સુધી નહિ જડેલી. જેને પૂછવું હોય તે પૂછી આવે. Atleast - ઓછામાં ઓછી મને આવી ખબર મળેલી છે.

એટલે ભગવાનની કૃપાથી મને એવું નિમિત્ત મળે તો મને આમ હૈયે આંચકો નહિ થાય, કોઈ દહાડો, જરા પણ તમારું લૂંટી લેતાં, પણ એવું નિમિત્ત મળે ત્યારે. એમ ને એમ તો મારાથી થાય નહિ. તો તો હું લૂંટારો ગણાઉં. પણ એક **સમાજસુધારક તરીકે પણ એક લૂંટારો થવાનું પસંદ કરું છું,** આ કાળમાં, કારણ કે સ્વાર્થ એટલો બધો કેન્દ્રિત થઈ ગયેલો છે !

*(દક્ષિણ ભારતના સ્વજનોને સંબોધન, પૃ. ૨૭-૨૮)*

## હરિઃૐ આશ્રમ, નડિયાદને ગત બે માસ દરમ્યાન મળેલ દાન

| | |
|---|---|
| ડીસેમ્બર - ૨૦૨૪ | - રૂ. ૭,૧૭,૧૩૬/- |
| જાન્યુઆરી - ૨૦૨૫ | - રૂ. ૩,૯૦,૩૫૭/- |

## ૭. શ્રીમોટા સાથે હિમાલયયાત્રા : નાગાબાવા - નંદુભાઈ શાહ —સંપાદક : રમેશ ભટ્ટ

**શ્રીમોટા :** આ સાધુમહાત્માઓની સાથે ફરતો ત્યારે તેમની સાથે વ્યસન અંગે ચર્ચા કરતો, કોઈ સત્સંગી હોય તો કહુ ંકે 'ભાઈ, તમે આ બધું કરો તો તેની સામે મારો વિરોધ નથી, પણ એમાંથી આપણે સમાજને સજ્જડ રેશનલી દાખલો આપી શકીએ તો એ લોકો પણ સમજે, કે આમાં પણ કશું તથ્ય હોવું જોઈએ.' દા.ત. આપણે એકાગ્રતા વિશે જોઈએ. એકાગ્રતા કરતાં વધારે ધૂન કે ક્રોધી થયા છે. એકાગ્રતા તો ભગવાનના સતત સ્મરણમાં કે એના ભાવમાં ટકાવી રાખે, પણ તમે તો રહેતા નથી. તમે એ એકાગ્રતાનો સદ્દુપયોગ કરતા નથી. એ એકાગ્રતાની તમને દારૂ જેવી ટેવ જ પડેલી છે. માટે ખરાબ ગણાય છે. તમે કરો છો એ ઉત્તમ છે, એવું કંઈ છે નહિ. આથી, મારા પર બહુ ચિડાયા. એક દિવસ એમણે મને ચીપિયો ઠોકી દીધેલો. પછી હું તો જતો રહ્યો.

પહેલાં આ સાધુઓમાં બહુ ફરતો હતો. એમાંથી મને કંઈ જ્ઞાન મળે એવી કલ્પના હતી, પણ બહુ હમ્બગ (તરકટ) હતું. કંઈ કશું નથી.બહુ નકામું છે. આથી, મેં બંધ કરી દીધેલું. પછી હું ચેતી ગયેલો. હિમાલય સુધી ગયેલો. ત્યાં ત્રણ એવા મળેલા ખરા. એ ત્રણેય બહુ અદ્ભુત માણસો હતા. વળી, અનુભવવાળા હતા.

ઇતિહાસમાં કોઈએ વાંચ્યું હોય તો પંડિત માલવિયાજીએ હિંદુ યુનિવર્સિટીમાં કાશીવિશ્વનાથ જેવું મંદિર બનાવેલું. શહેરના કાશીવિશ્વનાથ મંદિરની નકલ કરાવી એમણે ત્યાં પણ ગંગાની નહેર બનાવેલી. બધે પાણી જેવું બનાવેલું. બધું તૈયાર થયેલું, પણ એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરે ? પ્રાણપ્રતિષ્ઠા વિના પૂજાય નહિ.

**સ્વજન :** ક્યાં બનાવેલું, મોટા ?

**શ્રીમોટા :** ત્યાં હિંદુ યુનિવર્સિટીની અંદર બનાવેલું. પછી એની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડેને ? તો પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે કોઈક લાયક માણસ પણ જોઈએને ? એ લાયક માણસને શોધતા હતા. માલવિયાજીને સાધુસંતો સાથે સહવાસ પણ વધારે. એ માટે માલવિયાજી ફર્યા. તે ફરતાં ફરતાં જડ્યું કે આ હિમાલયમાં ગંગાજીનું મંદિર છે, તેની પેલી બાજુ એક નાગા સાધુ છે, તે આવા જ્ઞાની પરમ પુરુષ છે, એવી એમને ખબર પડી. એટલે એ પોતે જાતે ત્યાં ગયા. એમ ને એમ તો એ માને એવા હતા નહિ. આપણે દર્શન તો કરીએ. ત્યાં ગયા, બેઠા. બે ત્રણ દિવસ થયા. ત્યાં આગળ બહુ પહેલાંની હિંદુઓની એક સંસ્થા છે. કાળીકામળીવાળા બાવાની સંસ્થાઓ ઠેકાણે ઠેકાણે છે. માણસો રહી શકે એવી બધી સગવડો કાળીકામળીવાળા બાવાએ કરેલી. માલવિયાજી મહારાજ પાસે બે દિવસ એમ ને એમ બેસી રહ્યા, એમ ને એમ બેસે, બધું જુએ, તપાસે. માલવિયાજી સંસ્કૃતના બહુ જાણકાર ને જ્ઞાની હતા. પછી કંઈ વાત ઉપાડી. પેલા બરાબર જવાબ આપતા કે માલવિયાજી ખુશ થઈ ગયા. પછી ઈશ્વર વિશે બીજા બધા પ્રશ્નો પૂછતા. એના પણ બધા સાચા જવાબ આપ્યા. એટલે આ પણ અનુભવ સાચો. આમ, માલવિયાજીને ખાતરી થઈ. 'બીજું કંઈ કારણ નથી. જેમ કાશીમાં કાશીવિશ્વનાથ છે, એવું એક મંદિર અમે બનાવ્યું છે. યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે. અને ત્યાં ગંગાજીની નહેર કાઢી છે, એ પણ આગળપાછળ ફરે છે. બરોબર પ્રોટોટાઈપ કાશીવિશ્વનાથ મંદિર જેવું કર્યું છે. એની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. ઘણા વખતથી હું ખોળતો હતો કે કોઈ એવો અનુભવી પુરુષ મળે કે જેના હાથે પ્રાણપ્રતિષ્ઠા થાય. પછી હું તમને આ જ સ્થિતિમાં મૂકી જઈશ.' 'બહુ કપડાં લત્તાં પહેરીશ નહિ. તારે મને લઈ જવો હોય તો લઈ જા. કપડાં બપડાં નહિ પહેરુ.' 'તમારા માટે ફર્સ્ટ ક્લાસનો સ્પેશિયલ ડબો રાખીશ, અને ફૂલનો પહેરવેશ આપીશ.' 'મને ફૂલનો વાંધો નથી., ગમે

તેવાં ફૂલ નહિ ચાલે, સુગંધીવાળાં ફૂલ જોઈએ.' 'તૈયાર રાખીશ.' અને મહારાજ હિમાલયની તળેટી સુધી તો નાગા રહેલા. પછી સ્ટેશન પર આવ્યા, ત્યારપછી ફૂલના શણગાર કરેલા. માથે મુગટ, ગળામાં માળા. આ બધું ફૂલનું તૈયાર કરેલું, તે મહારાજને પહેરાવી દીધું. પછી ત્યાં બેસાડ્યા. એ તો કશું બોલે કરે નહિ. આ બધું વર્ણન મેં 'હિંદુ'માં વાંચેલું. એટલે મને થયું કે 'આ મહારાજનાં દર્શન કરીએ તો બહુ સારું. કંઈ કૃપા થવાની હોય તો થાય.' એટલે આ મહારાજનાં દર્શન કરવાને માટે ગુફામાં ગયેલો. ત્યા જઈને બેઠો. માલવિયાજીએ મહારાજ માટે ઘણી સારી સગવડ કરેલી. પહેલાં અહીં ઓરડી મળે નહિ. શિયાળામાં, ઉનાળામાં તે એક જ સ્થિતિમાં ત્યાંજ પડ્યા રહે. પછી માલવિયાજીએ એમને માટે ઘર કરાવ્યું, કંઈ કશી એમને માટે જોઈતી વસ્તુઓ મળે એવી વ્યવસ્થા ત્યાં આગળ કરાવી. અમુક વખતે બંધ થઈ જાય, ને છ મહિના ચાલે, છ મહિના પછી બરફ પડવા માંડે, એટલે બંધ થઈ જાય. એટલે છ મહિના પછી પણ વસ્તુઓ રહે એવી સગવડ કરી આપી. એમની સેવામાં પોતે ઓળખતા હતા એવી એક બાઈ રાખી હતી. બે માણસો રાખ્યા. માલવિયાજીએ બધી વ્યવસ્થા પાકી કરી અને નીચે ઊતરી આવ્યા. એવું બધું મે વાંચેલું છે.

હું ત્યાં ગયેલો, કેટલાય માણસો એ મહાત્માનું ભૂંડું બોલે. મહાત્માનું ખરાબ બોલે. એટલું બધું ખરાબ બોલે. **'તદ્રૂપ-સર્વરૂપ' પૃ. ૮૩**

## હિમાલયમાં મહાત્માનાં દર્શન

**સ્વજન :** મોટા, તમે કહેલું કે તમે હિમાલય ગયેલા, ત્યારે તમને ત્રણ મહાત્માનાં દર્શન થયેલાં. એમાં એક તો અઘોરીબાબાની વાત કરી. બીજા હિંદુ મહાવિદ્યાલયના સંદર્ભમાં માલવિયાજીને મળેલા એમની તમે વાત કરી. અને ત્રીજા કોણ હતા ?

**શ્રીમોટા :** હિમાલયમાં જ રહેતા હતા. અને જ્યાં ગંગાજીનું મંદિર છે એમાં જ રહેતા. છ મહિના ચાલે અને છ મહિના બંધ રહે. ગામડામાંથી પણ લોકો ત્યાં આવતા. કોક કોક રહે. અને છ મહિના નીચે ઊતરી જતા. હું એક બાજુ કોક ઠેકાણે રહેતો.

એક બાઈ એમની સેવામાં રહેતી. એણે એવી બધી વાત મને કરી. મહારાજની બધી નેગેટિવ વાતો હતી. અને સંસારમાં એને સ્વીકારવાવાળા બહુ થોડાક હોય. મને થયું કે, આવા મોટા મહાત્મા પુરુષ છે. અને આ બાઈને આટલો બધો મદ છે ? એ ભગવાનની કૃપાથી જાય તો સારું, કારણ કે આ બાઈ કેટલાયને કહેતી ફરશે અને લોકો આ બાઈનું માનશે. અને પેલા મહાત્મા તો કંઈ સ્પષ્ટતા કરવા જવાના નથી. લોકો તો વાત ફેલાવ્યા કરે. એટલે મેં ભગવાનને પ્રાર્થના કરી, 'તું એને સદ્‌બુદ્ધિ આપ અને એનું ખરું સ્વરૂપ જુએ અને આવી બુદ્ધિ એની નીકળી જાય એવું તું કર. આ દૂર હટાવવા જેવી વાત મને લાગે છે. માટે કોઈ પણ ઉપાયે આ તો થવું જ જોઈએ.' એમ આખી રાત પ્રાર્થના કરવા માંડેલી. પછી સવારમાં ઊઠીને, દાતણપાણી કરીને નદીમાં નાહીને, ધોયેલાં કપડાં પહેર્યાં. ગંગાસ્નાન કરતાંય પ્રાર્થના કરી. પછી એ બાઈ આવીને મને પગે પડી ને કહે, 'મોટા, હવેથી હું આ કામ નહિ કરું. મેં ભયંકર ભૂલ કરી નાખી. આવા મોટા મહાત્મા વિશે આવી વાત ફેલાવી. હવે એનું પ્રાયશ્ચિત મને બતાવો.' મેં કહ્યું, 'આનું પ્રાયશ્ચિત્ત એ કે દૃઢ વ્રત લે. ભૂલેચૂકે પણ આના વિરુદ્ધમાં કંઈ પણ તારે કહેવું નહિ. અને અને કંઈ પણ શંકા થાય તો એમને જઈને પૂછી આવજે.' તો એ કહે, 'મારી જોડે વાત કરશે ?' મેં કહ્યું, 'હા, જા તારી જોડે વાત કરશે.' પછી એ બાઈને મહાત્મા પાસે લઈ ગયો. પગે લાગ્યો. પછી મેં બધી વાત કરી અને કહ્યું, 'આને કંઈ શંકા થાય, કંઈ વાત કરવાનું મન થાય, તો કૃપા કરીને ભગવાનની ખાતર એટલું કરજો. વચન આપો.' તો કહે, 'હા, જા વચન. એને જ્યારે આવવું હોય ત્યારે આવે. એની સાથે વાત

કરીશ. એણે કેવી કેવી વાતો મારા વિશે ફેલાવી છે, તેં હું જાણું છું. મારે તો કંઈ જાણવા કરવાનું હોય નહિ. જેવી ભગવાનની મરજી, પણ એને આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછે. વાતચીત કરવી હોય તો પણ કરે. અને એને મદદ જોઈતી હશે, તો પણ આપીશ. મેં એ બાઈને કહ્યું, 'જો કેટલા ઉદાર છે ! તેં ખરાબ કહ્યું, પણ તને મદદ આપવાને માટે તૈયાર થયા. તે તને એનું ઉદાર હૃદય સમજાય છે કે નથી સમજાતું ?' તો કહે, 'સમજાય છે.' પછી અમે આવતા રહેલા. પણ આવા મહાત્માઓ હોય છે.

એક મકાન હતું એમાં રહેતા હતા. એક છોકરો રાખેલો. એક બાઈ રાખેલી. તે બધું કરે. અને બધો પૈસાનો હિસાબ રાખવા એક મુનીમ રાખેલો. પૈસા કોણ મોકલાવે તેનો હિસાબ રાખતો. ત્રણ જણ રહેતા હતા. માણસો આવજા કર્યા કરતા. મરજી આવે તો સવાલનો જવાબ આપે નહિતર ના આપે. મૂંગામૂંગા બેસી રહે. પૂછીએ એટલે જવાબ આપવો જ જોઈએ એવું નહિ. બેચાર વાર પરસીસ્ટન્ટ (પાછળ પડવું) થાય તો આપવો હોય તો આપે. આપણે પરસીસ્ટન્ટ થવું જોઈએ. આપણે એની પાછળ ફર્યા જ કરવું. પાંચ છ દિવસ સુધી ગયો ત્યારે એમણે છઠ્ઠે દિવસે મારી સાથે વાત કરી. એટલી ધીરજ રહે નહિ, ને એ 'ના, બોલ્યા' છો સૂઈ ગયા. આપણે તો હેંડો એમ કહે તેને માટે નકામું.

આજે આ સંસારમાં મારા વિશે ગમે તેટલું ખરાબમાં ખરાબ બોલતા હોય, વિચારતા હોય, તોય તેને પણ હું ચાહું છું. એવું કબૂલ કરનારા પણ છે. હું ચાહ્યા વિના રહું નહિ. મારાથી રહેવાય નહિ. **સાહેબ, કોણ જાણે કેમ, પણ મને સાચું લાગે છે કે ભગવાનનું એ જ લક્ષણ છે કે દરેકને ચાહે છે ! એવું નહિ કે સાચાને જ ચાહે છે. ખોટાને પણ ચાહે છે. કોક દિવસ એમાંથી એનો ઉદ્ધાર થવાનો છે. સાચાને પણ ચાહે છે અને જૂઠાને પણ ચાહે છે.**

**'તદ્રૂપ-સર્વરૂપ', પૃ. ૭૩**

**શ્રીમોટા સાથે હિમાલયયાત્રા દ્વિતીય પૃ.૫૯-૬૦**

**અનુસંધાન પાના નં. ૬નું ચાલુ**

ને વધારે દઢાવવાનું કર્યા કરીએ તો આપણે ચિત્તની તુલાને સમતોલ રાખવાને શક્તિમાન થઈ શકીશું.

## કર્મનો બદલો તો ભોગવવો જ પડે

આપણું ડૂબતાનું તારણું તો એકલું શ્રીભગવાનનું નામ જ છે. કેટલાક લોકો એમ કહે છે કે કર્મનો બદલો તો ભોગવ્યા સિવાય છૂટકો જ નથી; તો પછી નામ લઈએ કે ન લઈએ એ સરખું જ છે ને ? મારે હિસાબે તો તે સરખું નથી. **કર્મનો બદલો જરૂર ભોગવવો પડશે. પરંતુ 'શૂળીનું વિઘ્ન કાંટે ગયું' એના જેવું થશે.** કર્મના પરિણામની તીવ્રતા-જલદમાત્રા ઘટીને ઘણી જ નાની-બિલકુલ સૂક્ષ્મસ્વરૂપે-નામસ્મરણથી થઈ જશે. આ હકીકત અનેક સંત ભક્તોએ અનુભવેલી છે ને એ અનુભવના આધારે ભગવાનના નામસ્મરણમાં વિશ્વાસ ને શ્રદ્ધા વખતોવખત જામતાં ગયાં છે. **એટલે કર્મ જ સર્વોપરી છે એવું કશું નથી. આપણા જીવનના ધ્યેયને સતત વધારે ને વધારે તમન્નાવાળું બનાવીએ ને તે વારે વારે લક્ષમાં રાખીએ એને માટે નામસ્મરણ એ મોટામાં મોટું સાધન છે. નામસ્મરણના પ્રતાપ અનેકવિધ છે.**

આપણે ખીંટીએ પહેરણ-ટોપી ભેરવીએ છીએ. ખીંટી તો જડ છે; પણ પહેરણ કે એવું કશું ભેરવવાનું તે સાધન છે. એની પ્રત્યે જેમ આમનો કે તેમનો કંઈ જાતનો વિચાર આપણને આવતો નથી કે ઉદ્ભવતો સરખો નથી અને તે સાધન સ્વાભાવિક રીતે જ રહ્યાં કરે છે, તેવી જ રીતે શ્રીભગવાનને માટે આપણા સાધનનું પણ સ્વાભાવિકપણું થઈ જાય તો ભાવનાનું કામ સાંગોપાંગ થયાં કરે. **સાધન મુખ્ય નથી, જેમ કામ મુખ્ય નથી પણ કામની ભાવના મુખ્ય છે તેમ. સાધનથી જો ભાવનાના પરિણામ પર ને તેનાં સૂક્ષ્મ પરિવર્તનોમાં ઉત્તરોત્તર ફરક પડતો રહેતો ન હોય, તો આપણું સાધન માત્ર જડ યંત્રની રીતે થાય છે. એમ આપણે સમજવાનું છે. સાધન યાંત્રિક થઈ જાય તો એ સારું નથી,** એ બાબતમાં આપણે લક્ષ રાખવું જરૂરી છે.

*(૩ જીવનપગથી, પૃ. ૧૦૪)*

*(સંસ્કાર-વિચાર કર્મ વિશે, પ્ર.આ. પૃ. ૯૭-૧૦૦)*

# ૮. પ્રેમભરી કરકસર — મોટા

નડિયાદ આશ્રમમાં કુબેરદાસભાઈ એકલા દેખભાળ રાખતા. અઠવાડિયામાં બે વાર આવે. જાતે કોઠારમાં જોઈ જાય. અને બાકીની વસ્તુ પહોંચાડે. દુકાનમાં બહુ ઓછું ધ્યાન આપી શકતા. છતાં એમનો વેપાર ચાલ્યા કરતો. હું તમને આ લલચાવવા નથી કહેતો; પણ આ કામમાં મદદ નહિ કરો તોય ચાલશે. ભગવાને મોડું કરાવ્યું તે પણ સારું થયું. આટલી ઓળખાણો થઈ છે. નહિ તો પહેલાં શરૂ થાત તો આશ્રમ ચલાવવો કેવી રીતે એ પણ પ્રશ્ન રહેત ! સામાન્ય રીતે હું કોઈને કહેતો નથી. મૌનના પ્રવચન વખતે જ બોલું છું. આ વખતે ગુરુ પૂર્ણિમા વખતે સાબરમતી આશ્રમમાં રહેલો. બધા આશ્રમોમાં માલપૂડા ને દૂધપાકની ઉજાણી થતી. વધ્યા તે ભિખારીઓને વહેંચ્યા પણ આ છોકરીઓને (આશ્રમની) ખવડાવવા કોઈ તૈયાર નહિ. મેં મારી જાતે ૮૦ રૂપિયા ખર્ચીને દૂધપાક ખવડાવ્યો છે. માલપૂડા ખવડાવવાનું મારું ગજું નહિ. કોઈ આપે પણ મનથી ભાર લાગે, તે પણ નહિ ચાલે. અમે તો પૂરેપૂરી કરકસર કરીશું. અમે કશું નકામું જવા દેતા નથી. **વૈકુંઠભાઈને ત્યાંથી ભાત આવેલ તે ચાર ટંક સુધી ચલાવેલો.** ખાખરા ભાખરી વધી જાય તો વધવા દેવું. મારી માએ વસ્તુને કેવી રીતે ઉપયોગ કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું. પેન્સિલ ખોવાઈ જાય તો કેટલું મથતા તે મેં જોયું છે. એવા બીજા મહાત્મા મળ્યા નથી.

**'મોટા'**

જગત હકીકતની દૃષ્ટિએ ખ્યાતિને વરેલું છે. મારી એવી કોઈ ખ્યાતિ-પ્રસિદ્ધિ નથી. મારા ગુરુ મહારાજે મને મોટા થવાની ના પાડેલી છે. એટલે તમને શુભ નિષ્ઠાથી, શુભ ભાવનાથી કહું છું કે ભગવાને બે પૈસા આપ્યા છે તો મદદ નહિ કરો તો કેમ ચાલશે ? મારે વધારે તપ કરવું પડશે. મારી બાસઠ વર્ષની ઉંમર તો થઈ છે. ઉંમર શરીરને છે, અંદરનાને નથી. અહીં એટલી બધી મુસીબત પડી છે છતાં ભીખુભાઈ અને ઝીણાભાઈ ટકી રહ્યા છે. મારી નિષ્ઠા - મારું જીવન ચોખ્ખું છે. 'ઘસ્યું ઓસડ ને મૂંડ્યો જતિ'ની માફક હું આવ્યો નથી. મારી સાથેના સંપર્કવાળા કેટલાયે માણસો દેશમાં છે. તેમને પૂછી જુઓ. તમે રહીને પણ જોઈ શકો છો. મને ગાળો દેનાર, અન્યાય કરનાર સાથે પણ મેં તેટલો જ પ્રેમ રાખ્યો છે. તેઓ કબૂલ કરે છે. ગુરુ મહારાજે મને મોટાઈ લાવવા ન દેવાની આજ્ઞા કરી છે. મને મોટાભાઈ કહેવા લાગ્યા. મેં ના પાડી. **આશ્રમમાં પરીક્ષિતલાલભાઈને બધા 'મોટાભાઈ' કહેતા, એટલે મિત્રોએ 'મોટા' નામ રાખ્યું. આખરે કોઈ નામની તો શરીરને જરૂર ખરીને ? મેં કહ્યું હતું કે જેમ ટૂંકું હશે તે મને ગમશે એટલે ''મોટા''** એ નામમાં કાંઈ મોટાઈ નથી. મેં કયારેય મોટાપણું કર્યું નથી. ભગવાન જાણે છે અને હું જાણું છું. કદીયે જાણવા દીધું નથી. ભક્તિ પ્રગટ્યા સિવાય જાણી પણ ન શકાય. મહાત્મા ગાંધી ઉપવાસ કરતા ત્યારે માલવિયાજી ભાગવત વાંચતા. એન્ડ્રુઝ સાહેબ વાંચતા. ભકિત પ્રકટ્યા સિવાય હૃદયને જાણી ન શકાય. **ચેતન હૃદય દ્વારા મળે છે. હૃદય તે કેવું ? નિરહંકારતા, નિષ્કામતા, નિર્મમત્વ વગેરે ગુણોથી જાગૃતિપૂર્વક પ્રકટેલું અને જેમ જેમ આગળ વધતા જાય તેમ ધીરે ધીરે ગાઢતા પ્રકટે અને તેનું ઉત્કટતામાં રૂપાંતર થાય. ચેતનનો અનુભવ રૂપમાં નથી થતો; ગુણધર્મ પ્રકટે છે. જેમ જેમ સદ્‌ભાવના, સુમેળ, શાંતિ પ્રકટે અને રાગદ્વેષ મોળા પડે તેમ તેમ લોભ, મોહ, આસકિત ઓછાં થાય. તેમાં બધાનું કલ્યાણ છે.**

તા. ૭-૯-૧૯૫૯

*(મૌન એકાંતની કેડીએ, તૃતીય આ. પૃ. ૩૧-૩૪)*

**ટેક રાખો**

આ આપણા ઈશ્વરભાઈને જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી છે. પ્રાંતિક સમિતિના પ્રમુખ પણ વિરુદ્ધ, તો પણ તેમણે એકમાત્ર મજૂર પ્રવૃત્તિને પકડી રાખી. મુશ્કેલીનો પાર નહોતો. ત્યારે જ ખમીરની ખબર પડે. છતાં તેમણે આદર્શ મૂકયો નથી. શેહમાં

તણાયા નથી. પોતાની શક્તિ ઉપર અટલ વિશ્વાસ રાખ્યો છે. તે જીવનમાં અસર કરે છે. ધારાસભામાં પણ લીધા છે, પણ તે બીજા ન ચૂંટાય એટલા માટે લીધા છે. છતાં તેમણે ટેક મૂક્યો નથી જ.

**જે ટેક મૂકતો નથી તેને ચેતન મદદ કરે છે. ચેતન સર્વ કાંઈ થવા શક્તિમાન છે. એનામાં અનંત શક્તિ છે. એને લાચાર ન બનવા દેશો આપણે જો વિચારીશું કે ''કેવી રીતે થાય ?' તો એ કામ ન બને ! પણ જો 'શા માટે ન થાય ?' એમ વિચારીશું તો જરૂર બનશે.** ચંદ્ર, મંગળ ઉપર પણ ઉપગ્રહ રોકેટ ઊડવા માંડયાં છે. વૈજ્ઞાનિકોએ બુદ્ધિ એકમાં જ લગાડી. કોઈ માનવી બૈરી સાથે બેઠો હોય કે સિનેમામાં હોય કે દરિયે ફરવા ગયો હોય તોપણ તે એકમાં જ રમમાણ, એકતાન. પણ એની સાથે લગ્ન કરી લીધાં હોય તો કામ બની શકે. સદ્‌વર્તન, સદ્‌વિચાર કરી તો જો ! સંસારવ્યવહારમાંની ઓથ મળે છે. સારા વિચાર પ્રગટાવવા માટે પણ સાધન જોઈએ. સુર અને અસુરના સંગ્રામમાં સાથ તો આપો. એક જ ઘરેડે ચાલ્યું છે. બીજ તો હોય. એ ફાલશે તો ફળ પણ આપશે, **પુરુષાર્થ કરશો તો જલદી ફળશે, નહિ તો ન બને.** ચારે તરફથી દાવાનળ પ્રકટે છે. **પુરુષાર્થ સતત નહિ થાય તો ન બને,** કારણ મન આ કે તે કરવા પરોવાયેલું રહે છે. આમાં તે ન ચાલે. આ સરળ સાધન છે. મૌનમાં અંદર બેઠા પછી આ જ કરવાનું એટલે સંસ્કાર પડે. **એક જ પ્રકારની એકધારી ૧૭-૧૮ કલાકની પ્રવૃત્તિ. આને સાતત્યયોગ કહે છે. એના સંસ્કાર પડે છે, અને એ સંસ્કારનો જ્યારે ઉદય વર્તમાનકાળ થાય ત્યારે ત્યાંથી આગળ જવાનું બને છે.**

(મૌન એકાંતની કેડીએ, તૃતીય આ. પૃ. 49-50-51)

**ભક્તોનાં દુ:ખ : જગતની રચના**

આ ભજનમાં છેલ્લી કડી **''આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે ! કર જોડી કહે કહે પ્રેમળદાસ, ભકતોનાં દુઃખ હરશે રે' છે.** ભજનનું આ છેલ્લું ચરણ સમજવા જેવું છે. ''ભકતોનાં દુઃખ હરશે રે-સમાજમાં ભણેલાઓની માન્યતા છે કે ભકતોને સમાજની દરકાર નથી. તેઓ સમાજને ભારરૂપ છે. પણ ભકતોને આપમેળે સમાજની વ્યક્તિઓ સાથે પ્રારબ્ધયોગથી સંબંધ હોય છે. તેઓનું લોકો સાથે એવું તાદાત્મ્ય કેળવાયેલું છે કે તે પ્રત્યક્ષ પરિચયમાં આવે તો ખબર પડે. પરિચય સિવાયની માન્યતામાં ભ્રમણા રહેલી છે. ભક્તકવિએ ગાયું છે, ''ભક્તોનાં દુઃખ હરશે રે.'' ભક્તને સંબંધમાં આવેલી વ્યક્તિઓને ત્રાસિત અને કલેશવાળી જોઈને બહુ કરુણા નીપજે છે. તે તેમનાં દુઃખોને નિવારવા પ્રયત્ન કરે છે. જગતની રચના દ્વંદ્વની બનેલી છે. પ્રકાશ-અંધકાર, સુખ-દુઃખ વગેરે. દુઃખ પણ આવે છે તે હેતુપૂર્વક કેળવણી માટે હોય છે. ઘડાવા માટે હોય છે. પણ આપણે દુઃખ આવી પડે ત્યારે ત્રાસી જઈએ છીએ. ગભરાઈ જઈએ છીએ. જે આવે વખતે ગભરાતો નથી અને એ શક્તિ મેળવવાનું સાધન છે એ રીતે સ્વીકાર કરે છે ત્યારે ઘડાય છે. પણ આપણે તેવું કરતા નથી. પછી શાંતિ કઈ રીતે મળી શકે ? જેનામાં તટસ્થતા, સમતા વગેરે હોય. તે દુઃખથી લેવાઈ જતો નથી. એ બધું લાવવું કયાંથી ? આપણામાં એવી શક્તિ નથી કે આવા ગુણો કેળવી શકાય. પ્રભુકૃપાથી અને ગુરુ મહારાજની કૃપાથી ગુણ કેળવવાનું બન્યું. યુવાની એવા ધગધગતા કાળમાં પસાર થઈ છે કે જે વખતમાં કિશોરલાલભાઈ વગેરે ગુણ ઉપર ખૂબ ભાર મૂકતા હતા.

હું હિમાલયમાંથી આવ્યો નથી. મેં જે ગડમથલ કરી છે, મારા સાથીઓ તેના જાણકાર છે. **આવા ગુણો કેળવવા માટેનું સર્વોત્તમ સાધન સ્મરણ છે. શબ્દમાં શક્તિ રહેલી છે. પ્રસંગો દ્વારા જ એ વાતનો વિશ્વાસ પ્રકટે.** ફકત બોલ્યા કરવાથી શું વળે ? **સ્મરણની સાથે ભાવના ન હોય, પ્રેમ ન હોય તો કશું વળે નહિ. હું કહું છું કે એક જ શબ્દનું વારંવાર રટણ કરવાથી એવી સ્થિતિ થાય કે બધી બાબતોથી અળગા થઈ જવાય.**

(મૌન એકાંતની કેડીએ, તૃતીય આ. પૃ. *61-62)*

## ૯. પૂજ્ય શ્રીમોટાના અનંત ઉપકારો

– શ્રી દિલજિત શાહ

**(ત્રિચિનાપલ્લીની એચ. ગોપાલદાસની પેઢીના સંચાલક)**

પૂજ્ય શ્રીમોટા દક્ષિણ ભારતમાં અમારી કૌટુંબિક પેઢી એચ. ગોપાલદાસના પૂજ્ય નંદુકાકાના નિમિત્તે આવ્યા હતા. મામા ગોપાલદાસ અને પૂજ્ય નંદુભાઈ હીરાના વહેપારી એટલે બરાબર ચકાસીને શ્રીમોટાને સ્વીકાર્યા હોય. પૂજ્ય શ્રીમોટાની તો શી વાત જ કરીએ ? એટલે અમારી પેઢી અને કુટુંબ સાથેના પૂજ્યશ્રીના કેટલાક પ્રસંગોની વાત ભક્તિભાવથી કરીશ.

(૧) મામા ગોપાલદાસે એક વખત પૂજ્યશ્રીને કહેલું કે મૌનમાં તો નામ લેવાય છે, પણ બહાર એવું લેવાતું નથી અને મરણ સમયે તો શેનું એ યાદ આવે ! શ્રીમોટાએ તેઓને કહેલું કે, 'જા ! મરણ વખતે તારાથી ભગવાનનું નામ લેવાશે.' આ તો મોટાનો શબ્દ ! અંતિમ સમયે મામાએ નામસ્મરણ કરેલું. ડૉક્ટરે પ્રાણ ગયાનું કહ્યા પછી કોણ જાણે કેવી રીતે મામાએ સૌને બે હાથ જોડી 'રામ, રામ, આવજો' કહ્યા હતા !

(૨) પૂજ્ય શ્રીમોટા, અમોને મૌનમાં બેસવાનું કહેતા. એટલે એક સ્વજને કહેલું કે અમે મૌનમાં બેસીએ તો અમારા વેપાર-ધંધાનું શું થાય ? પૂજ્ય શ્રીમોટાનો જવાબ હતો કે મારા ગુરુમહારાજને પૂછી જોયા બાદ કહું છું કે તમે મૌનમાં બેસશો તો તમારો ધંધો મારા ગુરુમહારાજ ચલાવશે. મારો પોતાનો પણ અનુભવ છે કે હું મૌનમાં નડિયાદ, સુરત દર વર્ષે છેલ્લાં વીસ વર્ષથી બેસવા આવું છું. તે સમય દરમિયાન ખૂબ સારી રીતે મારી પેઢીનો ધંધો ચાલેલો છે. મારી હાજરીમાં ચાલતો હોય તેના કરતાં અનેકગણો સારો ચાલે છે.

(૩) શ્રીમોટા બાળકોને બહુ વહાલ કરતાં અને તેમનામાં ગુણભાવ વધે તેવું કંઈક ને કંઈક કરતા રહેતા. એક વખત મને કહ્યું કે, એક વર્ષ સુધી જો સિનેમા જોવા તું નહિ જાય તો તને એક સો રૂપિયા ઈનામમાં આપીશ. મેં હા પાડેલી. જેમ તેમ કરી અગિયાર મહિના સિનેમા જોયા વિના કાઢ્યા, પણ છેલ્લે મહિને માબાપ સાથે સિનેમા જોવા ગયો. મેં શ્રીમોટાને લખી જણાવ્યું કે, મેં નિયમનો ભંગ કર્યો છે. એ પછી શ્રીમોટા જ્યારે અમારે ઘેર આવ્યા ત્યારે મને સો રૂપિયા ઈનામના આપતા હતા. મેં કહ્યું કે મેં શરતનો ભંગ કર્યો છે. એટલે ઈનામ ન લેવાય. શ્રીમોટાએ જવાબમાં કહ્યું કે તેં મને પત્રથી, લખીને જાણ કરી એટલે તારી પ્રામાણિકતા માટે આ ઈનામ આપું છું. કયું બાળક શ્રીમોટા ઉપર રાજી ન થઈ જાય ?

(૪) એક વખત ૧૯૬૨માં સવારે ચાર વાગ્યે ભારે વીજળી-વરસાદને કારણે લાઈટ જતી રહી. મીણબત્તી કરતાં થોડોક પ્રકાશ થયો. હું બાર-તેર વર્ષની ઉંમરનો (જન્મવર્ષ ૧૯૪૯) તેમને કહી બેઠો કે શ્રીમોટા ઘોર અંધારું થાય ત્યારે વીજળીની કિંમત સમજાય. એમ પૈસાદારોના જીવનમાં એક દિવસ તો એવો આવવો જોઈએ કે તેમના પૈસા જાય એટલે એમને પૈસાની કિંમત સમજાય. શ્રીમોટા તો આ સાંભળી ખડખડાટ મોટેથી હસી પડ્યા. તાળીઓ પાડી પાડીને બોલ્યા, 'એ નંદુ, એ નંદુ ! જો આ છોકરો કેવું બોલે છે ?' નંદુભાઈએ બાજુના રૂમમાંથી જવાબ આપ્યો કે એ છોકરો સોશિયાલિસ્ટ વિચારવાળો છે. મેં વળી આગળ બોલવાનું ચાલુ રાખ્યું કે શ્રીમોટા, મારા જીવનમાં પણ એક દિવસ એવો આવે તો તમે મારો હાથ પકડશોને ? મોટાએ હા કહી

અને કહ્યું કે, મારી ઓથનો તને અનુભવ પણ થશે. મારે આજે કબૂલ કરવું પડે કે મોટાએ બોલેલું પાળી બતાવ્યું છે. **અમારી વિપત્તિમાં અમે મોટાની કૃપાસહાય ટકોરાબંધ અનુભવીએ છીએ.**

(૫) સને ૧૯૭૦માં 'ભાવપુષ્પ', 'ભાવરેણુ' વગેરે ભાવશ્રેણીના ગ્રંથોનું લેખન શ્રીમોટા કરતા હતા. કોડાઈકેનાલ અને કુંભકોણમ્‌માં એ કામ થયું છે. મારા પિતાજી શ્રી ચંદ્રકાંતભાઈ પણ એ કાર્યમાં મદદરૂપ થતા હતા. સારા અક્ષરે ઉતારીને પ્રેસનકલ અમદાવાદ રમેશ ભટ્ટને મોકલાતી હતી. મારે ભાગે એક કામ આવેલું કે મોટાના હસ્તાક્ષરની કાપલીઓને ગુંદર ચોંટાડી એક બીજા કાગળ ઉપર ચોંટાડવાનું હતું. મોટા લખવા બેસે એટલે વ્યવસ્થિત રીતે માથે ખાદીની ટોપી, ખભે ખેસ, ખાદીનું ધોતિયું પહેરીને લખે અને જેમ બોલતા હોઈએ એટલી ઝડપથી એ લખે જાય. પુરપાટ એક જ સ્પીડથી લખતા હતા. ગુંદર વડે કાગળો ચોંટાડી ચોંટાડીને મારા તો હાથ દુઃખવા લાગ્યા. એટલે મોટા પાસે જઈને મેં કહ્યું કે : મોટા, તમે ખૂબ ઝડપથી લખે જાવ છો, પણ મારા હાથ દુઃખવા લાગ્યા છે. તો એક દિવસ માટે લખવાનું બંધ ના કરો ? અને બીજે જ દિવસે મોટાએ લખવાનું બંધ રાખ્યું. આ પ્રસંગને હું જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે એ કરુણાસાગરની યાદ મને રડાવી દે છે.

(૬) એક દિવસ સવારના સમયે એક સાધુ ચીપિયો ખખડાવતો ખખડાવતો અમારા બંગલાના કંપાઉન્ડમાં ઘૂસ્યો. મારા પિતાજીએ પહ્રા જેવા એ બાવાને કાઢી મૂક્યો. મોટાએ અમને કહ્યું કે ન આપવું હોય તો ન આપીએ પણ આંગણે આવેલાનું અપમાન તો ન જ કરીએ.

(૭) અમારી પેઢીને ૭૫ વર્ષ થયાં છે. લગભગ પાંચ હજાર કુટુંબો સાથે વેપારને ધોરણે અમારે સારા સંબંધો છે, પણ મિત્ર તો શ્રીમોટા જેવા કોઈ નહિ. એમના દેહત્યાગ બાદ પણ એમનો ટકોરાબંધ ટેકો અમે અનુભવ્યો છે.

સને ૧૯૮૬માં રાતના એક વાગ્યે અમારા ઘરમાં ચોરી કરવાના ઈરાદે બે ચોર ઘૂસી આવ્યા. મારાં પત્ની વિભૂતિને ઉઠાડી છરો બતાવી મોં બંધ કરવાનો પ્રયત્ન કર્યો. હું તરત ઝબકીને જાગી ગયો. હું બે ચોરની સામે થવા જઈ રહ્યો હતો. ત્યાં મારાં પત્નીએ મને રોક્યો અને કહ્યું કે આ લોકોને તમારો પૈસો જોઈએ છે અને તમે તમારો જાન આપવા તૈયાર થયા છો. તમો મારી પાસે આવીને બેસી જાવ અને હરિઃૐનો જાપ શરૂ કરી દો. આ લોકો ચોરી કરીને પછી આપણને જીવતા છોડી નહીં જાય. આપણી મોતની ઘડી આવી ગઈ છે. એટલે હરિઃૐનું નામ લો. અમે બંનેએ પાંચેક મિનિટ જેવું નામસ્મરણ કર્યું હશે તેટલામાં ચોરના હાથ ધ્રૂજવા લાગ્યા. એ ચોરે વિભૂતિના માથે હાથ મૂકીને સોગંદ ખાધા કે બહેન અમે ખૂની નથી. અમે ચોર છીએ. અમને પાંચ-દસ હજાર રૂપિયા આપી દો. એટલે અમે ચાલ્યા જઈશું.

તે ટાઈમે મને વિચાર આયો કે જો પૂજ્ય શ્રીમોટાએ મારી પાસે માગ્યું હોત તો હું મારું સર્વસ્વ તેમને આપી દેત. તો આજે આ લોકોને એવી જ રીતે આપવા દે. એટલે મેં હરિઃૐ કરતાં કરતાં મારા ઘરના બધા જ દાગીના ચોરોને આપી દીધા. તે વખતે અમે અનુભવતા હતા કે પૂજ્ય શ્રીમોટા અમારી બાજુમાં ઊભા છે. નહિતર આવી વેળાએ આપણું મગજ ન ચાલે. તે પછી સાત જ દિવસમાં અમારા બધા દાગીના પાછા આવી ગયા હતા અને એ બે ચોરને અઢી વર્ષની જેલની સજા થઈ હતી. જેલમાંથી

છૂટીને એ બે ચોરે પોલીસ સાથે અમારે ઘેર આવીને અમારી માફી માગી હતી. આવું તો પૂજ્ય શ્રીમોટાની જ કૃપાસહાયથી થઈ શકે !

(૮) મારાં લગ્નમાં શ્રીમોટા જરૂર આવશે જ એવી મારી શ્રદ્ધા હતી, પણ તેઓ સુરત હોસ્પિટલમાં તે સમયે સારવાર નીચે હતા. હું મારાં માતાપિતા સાથે તેમને હૉસ્પિટલમાં મળવા ગયો હતો. મારાથી કહેવાયું કે આપની આવી સ્થિતિમાં મારાં લગ્નમાં આપને હાજર રહેવાનું કહીને હું આપને કષ્ટ આપી ન શકું. શ્રીમોટા આ સાંભળીને પ્રસન્ન થયા અને મંગલાષ્ટક લખી આપી આશીર્વાદ આપેલા.

(૯) શ્રીમોટાએ જે મંગલાષ્ટક લખ્યું, તેમાં લખેલું કે પતિપત્નીએ એકબીજાને સુખદુઃખમાં સાથ આપવો અને આધ્યાત્મિક પ્રગતિમાં ખાસ સાથ આપવો. મારાં પત્નીના કોઈ પૂર્વ સંસ્કાર હશે. એટલે મારા પ્રથમ પુત્રને પરણાવ્યા બાદ મેં વિભૂતિને સંન્યાસની દીક્ષાની તેની ઇચ્છા પ્રમાણે પરવાનગી આપી. ચિન્મય મિશનમાં ત્રણ વર્ષ ભગવદ્‌ગીતાનો અને વેદાંતનો અભ્યાસ કરી તેણે આચાર્યપદ મેળવ્યું છે. અમારા કુટુંબમાં પૂજ્ય શ્રી નંદુકાકા પછી વિભૂતિ આધ્યાત્મિક માર્ગની પથિક બની છે, એનાથી અમને ખુસી. નરસિંહ મહેતાના એક પ્રભાતિયામાં 'અમે ન ઓળખ્યા ભગવંતને' એવા શબ્દો નાગણો ઉચ્ચારો છે. આવી વ્યથા આજે અનેક સ્વજનોની જેમ અમને પણ થાય છે કે જો અમે શ્રીમોટાને ઓળખી શક્યા હોત તો અમારો જીવનવિકાસ ઝડપથી થઈ શક્યો હોત. છતાં એક દિલાસો છે કે આપણને શ્રીમોટાની યાદ બહુ આવે છે **અને શ્રીમોટા એ આપણને પોતાના જ સ્વજન ગણ્યા છે !** આપણને તેઓ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરાવશે જ એવી અચળ અતૂટ શ્રદ્ધા છે.

*(બાયોગ્રાફી, પ્રથમ આવૃત્તિ, પૃ. ૬૯-૭૧)*

## 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિકની માહિતી


**(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧ |
| ૨. | પ્રકાશનનો સમય | : | દ્વિમાસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૪. | પ્રકાશકનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૫. | તંત્રીનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૬. | માલિકનું નામ | : | હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧ |

હું રાજેન્દ્રભાઈ બી. રાવલ આથી જાહેર કરું છું કે, ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૩૧-૩-૨૦૨૫ **રાજેન્દ્રભાઈ બી. રાવલ**
નડિયાદ પ્રકાશકની સહી
હરિઃૐ આશ્રમ, નડિયાદ વતી

# ૧૦. સદ્‌ગુરુ પાસે જવાનું શ્રેષ્ઠ પ્રયોજન — મોટા

**સંતાત્મા પાસે જુદા જુદા પ્રકારના જીવો જુદા જુદા ભાવથી, ને જુદી જુદી કામના-આશાથી જતા હોય છે. જીવનવિકાસની ભાવના પ્રગટાવવાના ઉત્કટ હેતુથી જવાનું બને તે જ ઉત્તમ સ્થિતિ હોય છે.** તે વિના બીજો કોઈ પ્રકારનો રસ એની સાથેના સમાગમનો તો ન હોવો ઘટે. પરંતુ કોઈ જીવ એટલી ને એવી ઉત્કટ ભાવનાથી, અને તે પણ જીવનવિકાસની એકલી માત્ર શુદ્ધ ભાવનાથી, સંતાત્મા પરત્વે ન વળેલો હોય, તે તેવાનામાં જીવ પ્રકારનો કોઈ ને કોઈ રસ તો હોવાનો જ. પહેલા પ્રકારના જીવ સાધનાનો પ્રાણ પોતાના જીવનના રોજિંદા વ્યવહારવર્તનમાં પ્રગટાવવાના એકમાત્ર શુદ્ધ હેતુથી ભલે ભળેલા હોય, પરંતુ તેમનામાં હજી જીવપણું હોવાથી તેવા તેમના હેતુમાં પણ સંપૂર્ણ કક્ષાનું શુદ્ધ હોવાપણું તો જીવતું થયેલું હોતું નથી. બહુ બહુ તો કાળના તેવાં તે જીવનાં મનોદશા, વળાંક અને વલણ હોય, ને તે કાળે તેવા પ્રકારની ભાવના હોય તેવો પૂરતો સંભવ હોય. **બાકી જ્વલ્લે જ કોઈ જીવમાં જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના પ્રગટેલી હોય છે.** *(૫, જીવનપોકાર, પૃ. ૨૬૧)*

## ગુરુભક્તિ એટલે શું ?

**ગુરુભક્તિ એટલે તેના દેહની ભક્તિ નહિ, પરંતુ તેનામાં પ્રગટ થયેલી ચેતનાશક્તિ પરત્વે આરોહણ કરવા માટેની ભાવના તે ગુરુભક્તિ;** ને એવા ભક્તિભાવનો હેતુ એ છે કે એવી ચેતનાશક્તિ દ્વારા આપણા જીવનમાં પણ તે ભાવ પ્રગટ થાય અને તેનું જ્ઞાનભાન આપણને જીવતું રહ્યા કરે. **કોઈ પરત્વે ખૂબ ખૂબ હૃદયના ભાવ, પ્રેમ શ્રદ્ધા, વિશ્વાસ રાખવાથી આપણામાં પણ એ ભાવનો ઉદય થવાનો**-એવા ભાવની મદદથી સાધનામાં પ્રાણ પ્રગટે છે. સત્સંગનો મહિમા ઘણો ગાયો છે, તે એટલા માટે કે એવા મુક્તાત્માની સાથેના પ્રેમજ્ઞાનભક્તિપૂર્વકના આંતરિક પરિચયથી જીવનમાં પ્રેરણાત્મક ભાવ પ્રગટે છે અને એવા ભાવનો સદુપયોગ અંતર્મુખતા કેળવ્યા કરવામાં રહેલો છે.

(૩ જીવનસંશોધન, પૃ. ૨૩૧)

## સદ્‌ગુરુની પરખ

સદ્‌ગુરુ, સંતાત્માની તો આપણને શી પરખ હોય ? પરંતુ જેના વિષે આપણા મનમાં સંપૂર્ણ ખાતરી ને ભરોસો હોય ને જેના વિષે શ્રદ્ધાવિશ્વાસ પૂરેપૂરાં પાકાં થયેલાં હોય ને જેની બાબતમાં કશી સગડગ ન અનુભવતું હોય અને તેનાથી કરીને આપણે સતત ઊર્ધ્વગામી થયાં કરતાં હોઈએ, અને રહ્યાં કરતાં હોઈએ અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જીવનના ધ્યેયના ચિંતનમાં સતત રચનાત્મકપણે વહ્યાં કરતાં હોય તો તેવો જીવાત્મા જગતના ઇતર જનોના ખ્યાલમાં ભલે ન હોય, ખ્યાતિમાં ન હોય, કે બીજાં કોઈ તે સંતાત્મા ન ગણી શકતાં હોય પણ આપણે મન તો તે જરૂર સંતાત્મા છે. (૩ જીવનમંડાણ, પૃ. ૧૨૧)

## સંતપુરુષ કોને પ્રમાણવા ?

જ્ઞાની, ભક્ત કે યોગી-તેમનાં મનાદિને શરીરનાં કર્મો તો આપણી માફક હોય છે. તેને પારખી કે અનુભવી શકવું એ સરળ હકીકત નથી. સમજવું હોય, અનુભવવું હોય કે પારખવું હોય તો તે પરત્વેનાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ સંપૂર્ણ પ્રેમભક્તિવાળાં બની જાય તો જ તેનું હાર્દ આપણે પામી શકીએ. સદ્‌ગુરુ અથવા કોઈપણ મહાસંતપુરુષની પાસે બેસતાં જો આપણી વિચારમાળા અટકે, હૃદયમાં શાંતિ થયેલી લાગે, બધી લહરીઓ શાંત હોય, મન આનંદમય થતું લાગે, કેટલીકવાર રોમાંચ પણ થાય, હૃદયના ધબકારાની ગતિમાં પહેલાંનાં કરતાં કંઈક જુદી જ તરેહનો ફેરફાર થયેલો લાગે ને આપણને ઠીકઠીક લાગ્યા કરે તો તેને સંતપુરુષ પ્રમાણવા. એવાની પરીક્ષા ખાતર નહિ, પણ આપણી જ્ઞાનપ્રાપ્તિ માટે આપણી જે મુશ્કેલી હોય તે મનમાં ધારીને જેમ ભગવાનને પ્રાર્થના કરીએ તેમ નમ્રતા ધારણ કરીને જિજ્ઞાસાવૃત્તિ રાખીને એ પ્રશ્ન મનમાં રાખીએ ને આપોઆપ આપણને સાંત્વન થાય, એવા એ પોતે સંતોષ આપે અથવા કોઈની મારફતે તે

આડકતરી રીતે પણ કરાવે. ગમે તે રીતે કરાવે, પણ એવું થાય ત્યાં તે પણ સંતપુરુષ કહેવાય.

*(૩, જીવનપગથી, પૃ. ૪૭)*

### ગુરુ પ્રત્યેનું આકર્ષણ

**ગુરુ પ્રત્યેનું આકર્ષણ સમીપતાથી ઓછું થઈ જવાનો સંભવ રહે છે.** પોતાની નજર સામે જ દેખાયા કરેલો હોવાથી સાધકનું મન તેનો વિચાર કરતું અટકી પડે છે. અને તેનામાં એટલું પરોવાઈ રહેતું નથી કે જેટલું તે દૂર હોય છે ત્યારે. ગુરુ જ્યારે સમીપ હોય છે ત્યારે જુદા જુદા માણસો સાથેનું ગુરુનું વર્તન સાધક દંભ, ડોળ, આડંબર જેવું માની બેસે તેવો સંભવ હોય છે. સાધકનાં અંતરમાંના આ બધાં પરિણામો સ્પષ્ટ રીતે ગુરુ જાણી જાય છે. તો પણ સાધકને ભલે એવું થયા કરે, તેમ છતાં પોતાના વર્તનનો ખુલાસો ગુરુ પોતે ભાગ્યે જ કોઈકવાર આપે છે. પોતાને કોઈ ઊંધું સમજે તો તે સમજવા દે છે. કેમ કે તે જાણે છે કે એમાં એને પોતાને તો કશું ખોવાપણું હોતું નથી. **ગુરુની અનેક બાજુઓ ભલે શરૂઆતમાં સાધક ન સમજે, તો પણ તેનામાં ગુરુ પ્રત્યે પ્રેમભાવ ને ભક્તિ જો રહેલાં હશે તો ગુરુની સાચી મહત્તા સાધકને મોડી વહેલી પણ સમજાયા વિના રહેશે નહિ.**

*(૪, જીવનસંદેશ, પૃ. ૨૨-૨૪)*

### સદ્‌ગુરુનું આકર્ષણ

ભગવાનની કૃપાથી અથવા તો કર્મ પ્રારબ્ધ સંજોગે કરીને સદ્‌ગુરુ કે ઉચ્ચાત્મા સાથે અથડાઈ પડ્યાં તો તેવા લોક આપણા જેવા જીવને ખેંચવાને કાજે કોઈને કોઈ પ્રકારનું આકર્ષણ આપણામાં જન્માવે છે. આકર્ષણ વડે એ જો આપણે પ્રભુસ્મરણની ભાવનાને સળંગ, એકધારી જીવતી રાખી શક્યાં તો તે આકર્ષણ ઉપયોગી નીવડી શકે છે. તે આકર્ષણ જેમ જેમ ઉપયોગમાં લેવાતું જાય છે, તે તેમાં જો આપણા હૃદયની જ્ઞાનભક્તિની સમજણ જીવતીજાગતી ઉમેરાય છે, તેમ તેમ તે આકર્ષણનો પ્રકારને આકાર પણ બદલાતો જાય છે. ઉચ્ચાત્માઓ કે સંતાત્માઓ પણ અનેક જુદા જુદા પ્રકારના જીવોને જીવન પરત્વે આકર્ષવાને તેમની રીતનું જ્ઞાનપૂર્વકનું વલણ લેતા પણ હોય છે.

(૩, જીવનસોપાન, પૃ. ૯૮-૯૯)

## ૧૧. કદરહીન સમાજ — મોટા

ઈશુને કોઈ ક્યારે સમજ્યા હતા ? ફાંસીએ દીધો બિચારાને. નરસિંહ ભગત. બિચારો ભગવાનનું ભજન કરનારો. એની નાતવાળાઓએ એને રંજાડવામાં બાકી નથી રાખ્યું, પણ એટલું મને મારા ભગવાને-મને મારા ગુરુમહારાજે મારા ઉપર બહુ કૃપા કરી છે. મારા ગામમાં જઈને મેં આશ્રમ કર્યો, ત્યારે ઘણાએ મને ના કહી. અલ્યા ભાઈ ! તારા ગામમાં ના જા તું. ઠીક નહિ ત્યાં. બિલકુલ સારું નહિ. પણ ત્યાં જ કર્યો. મારા જ્ઞાતિવાળા, સગાંસંબંધીઓએ કોઈ વિરોધ નથી કર્યો. સહાનુભૂતિ નથી એ વાત સાચી. કોઈ મળવાય આવે કરે નહિ. હુંય જતો નથી કોઈને ત્યાં. હું તો કોઈ દિવસ કોઈને ત્યાં એમ ને એમ જતો જ નથી. દક્ષિણા વિના કોઈ ઠેકાણે મારે જવું નહિ. બિલકુલ નહિ. ગમે તેને નારાજ કરતાંય હવે મને વાંધો નથી. મોટા, તમારે સંબંધ છે ને ? સંબંધ તો મારે ઘણાય બધાની સાથે છે. તે બધાની સાથે ક્યાં રખડ્યા કરું ? શું કરવા મારે જવું ? મૂઓ. મારી જિંદગીને મારે વેડફી દેવી નથી ભાઈ. તમારે વેડફી દેવી છે, મારે વેડફી નથી દેવી. ખરાબ લાગશે તેનો મને વાંધો નથી.

એટલે કેટલા બધા સંબંધો અને જેવો તમારી સાથે સંબંધ એવો બધાની સાથે સંબંધ. એ બધાની સાથે એમ ને એમ રખડું તો મારો આરો ક્યાં આવે ? એના કરતાં ભાવપૂર્વક, ભક્તિપૂર્વક જે કામ કરવાનું છે, એ કામના ઉપયોગ અર્થે જ જીવવું છે. બીજો કોઈ જીવવાનો ઉદ્દેશ નથી હવે.

*(દક્ષિણ ભારતના સ્વજનોને સંબોધન, પૃ. ૪૭-૪૮)*

# ૧૨. જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી-૨

– સંપાદક : રતિલાલ મહેતા

**પ્રશ્ન :** ભક્તિ માટે ચિત્તશુદ્ધિ આવશ્યક છે ? ભક્તિ શેનાથી પ્રગટે ?

**શ્રીમોટા :** ભક્તિને ભગવાનના અનુભવ માટે ગુણ ઉપરાંત ભાવના જરૂરી છે. **સરેશની જેમ જોડાઈ રહેવાની ઉત્કટ તમન્ના, એનું નામ ભાવના. જીવન-વિકાસ માટે એ પ્રકારની ભાવના જરૂરી છે.** તદુપરાંત નામસ્મરણ, ભજન, પ્રાર્થના, આત્મનિવેદન. મૌન, એકાંત સેવન અને અભય માટેની કોશિશ, એ ખાસ જરૂરી છે. **કેવળ ચિત્તશુદ્ધિ એકલી પર ઝોક દેવાથી ભક્તિ નહિ પ્રગટે.** હા, ભગવાનનો અનુભવ કરવા માટે ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે. છતાં, ઉપર કહી તેવી પ્રવૃત્તિ, સાધના ખાસ જરૂરના છે. ઉત્તમ ચારિત્ર્યવાળા નાસ્તિક પણ હોય છે. એવા માણસો જ્ઞાનમાં પ્રગટે પણ ખરા. **છતાં ચારિત્ર્યશીલ માણસોમાં જ ભક્તિ આપોઆપ જાગી જાય એમ ધારવું ખોટું છે.** ભક્તિ વધારતાં વધારતાં ચિત્તશુદ્ધિ પરત્વે ધ્યાન આપશું તો તે કામ સહેલું બની જશે. વળી, ભક્તિને લઈને અનેક ગુણસમુદાયનો વિકાસ થાય છે. **ભક્તિ પ્રકટાવવા સત્સંગ, સેવા, સત્પુરુષો પ્રત્યે આસક્તિ રાખો, તેમનું કામ કરો, તેમના આગળ ખુલ્લા થાવ, સ્મરણ કરો, જપ કરો વગેરે.**

**પ્રશ્ન :** કોઈ સ્ત્રીને તેનો પતિ ચાહતો ન હોય અથવા કોઈ બીજી સ્ત્રીને પ્રેમ કરતો હોય તો તેવી સ્ત્રીએ શું કરવું ? છૂટાછેડા લેવા કે મૂંગા મોઢે સહન કરવું ?

**શ્રીમોટા :** આપણો પતિ આપણને ચાહતો ન હોય તોયે આપણો ધર્મ એ છે કે આપણે તેને ચાહીને તેના સુખ માટે ઘસાઈ જવું. તો એક દિવસ તેનું હૃદય - પરિવર્તન થશે. કશાની અપેક્ષા રાખ્યા વિના આપણે ચાહી જાણીએ. પાળે તેનો ધર્મ. આપણે આપણો ધર્મ પાળીએ. **છૂટાછેડાની વાત થાય તો તે જીવન ન કહેવાય. જે ત્યાગ કરીને જીવી જાણે છે તે જ અંતે સુખી થાય છે.** કોઈ પતિની પત્ની પરપુરુષને ચાહતી હોય, તોયે એ પતિને મારી આ જ સલાહ છે. પત્નીને એના પ્રેમી સાથે જવા દો, એના માર્ગની આડે ના જશો. જો જો થાકીને પાછી તમારી પાસે આવે તો તેને તમે પ્રેમથી આવકારજો. ત્યાગથી શાંતિ મળે છે. **પતિ-પત્નીને માલિકીની ભાવના જ દુ:ખી કરે છે. આપણને કોઈ પ્રેમ કરે કે ન કરે તે જોવાની આપણે જરૂર નથી. સાચો પ્રેમ કરી આપણે ન્યોછાવર થઈ જઈએ. બડબડાટ કરી સહન કરશો નહિ. ધર્મ તરીકે સાચા જીવનવિકાસના સાધન તરીકે પ્રેમથી સહન કરશો. એ પણ એક યજ્ઞ છે.**

**પ્રશ્ન :** સમાજ મહાત્માની કૃપાથી ન્યાલ થઈ જાય એ સાચું ?

**શ્રીમોટા :** હા, થાય પણ એમ ને એમ એ કોઈ આપી દેતું નથી. સૂર્યનો ગુણધર્મ સહજ રીતે પ્રકાશ, આપવો તે છે. તેનાં પ્રકાશ, ગરમી સર્વ સ્થળે પડે છે. તેવી જ રીતે આત્મનિષ્ઠ મહાત્માની કૃપા થતી હોય છે, તેમનો લાભ તેને ક્યાંથી મળે ? આજે જે તે બધું વગર મહેનતે અથવા પૈસા આપીને મહાત્માની કૃપાશક્તિ ખરીદવાની વૃત્તિ સમાજની થઈ ગઈ. આવી વૃત્તિને જાણ્યે-અજાણ્યે ટેકો પણ એવા સંન્યાસીઓ તરફથી મળી જાય છે. "જા બચ્ચા, તેરા કલ્યાણ હો જાયેગા." આવું કહેનારા પણ કેટલાક મળી આવે છે. આવું જે કહે છે કે પ્રજાને ગેરમાર્ગે દોરે છે ને લોકો ભ્રમણામાં પડેલા છે. માટે પ્રમાદ છોડીને સાચી સેવા, સત્કર્મ કરો, એટલે કૃપા આપોઆપ જ થાય છે. **ગુરુ કર્યા હોય તો ભક્તિ વધારો, તેના કહ્યા પ્રમાણે આચરી બતાવો. રાગ, દ્વેષ ને કામક્રોધાદિકને મોળા પાડો, અભય કેળવો, કોઈ એમ કહે છે કે :** હું મોટા માટે આટલું કરું છું. તો લાભ મને ના મળે ? પણ હું એ પૈસા સમાજ માટે વાપરું છું. છતાં **નિરપેક્ષ રીતે મોટાનું કામ કરો તો તેનો બદલો ઈશ્વર જરૂર આપશે.**

**પ્રશ્ન :** એમ કહેવાય છે કે **કર્મનો બદલો ભોગવ્યા વિના છૂટકો જ નથી, તો પછી ભગવાનનું નામ લઈએ કે ન લઈએ એ બધું સરખું જ છે ને ?**

**શ્રીમોટા :** ના, મારે હિસાબે એ બધું સરખું નથી. **કર્મનો બદલો જરૂર ભોગવવો પડે પરંતુ શૂળીનું વિઘ્ન કાંટે ગયું-એના જેવું થશે, ભગવાનની કૃપાથી. બીજા શબ્દોમાં પરિણામની તીવ્રતા, જલદ માત્રા તદ્દન સૂક્ષ્મ થઈ જાય. જો તમે બરાબર ભગાવનને કે ભગવાનના**

**ઓલિયાઓને વળગેલા હો તો, અને ભગવાનને સારી પેઠે પ્રાર્થના કરતા હો તો.**

**પ્રશ્ન :** આપ જાણો છો અમારી પ્રકૃતિ : પલમેં તોલા, પલમેં માસા. જીવદશામાંથી કેમે કરીને છૂટાતું નથી. પૂરેપૂરા તમારા બનીને ક્યારે રહેવાશે ?

**શ્રીમોટા :** વાંધો નહીં. પ્રભુકૃપાએ જાગી જવાય તેમ, તેવે તેવે વખતે ટટાર થઈને ઊભાં થઈ જવું, ને ગુરુને પોકાર પાડવો. નીચે અવતરવું અને ચઢવું એ તો ક્રમ છે. **એટલું યાદ રાખજો કે અથડાતાં-કૂટાતાં, સમજીને કે બેળેબેળે, જે જે જીવ આ જીવને (શ્રીમોટા) જાણ્યે કે અજાણ્યે વળગેલો છે કે હજી પણ વળગશે, તેમની ગમે તેવી પ્રવૃત્તિ આ જીવ સાથે હશે, છતાં પણ તે તે જીવને શ્રી ભગવાનને પંથે આવ્યા વિના રહી શકાવાનું જ નથી તે નક્કી જાણશોજી.**

**પ્રશ્ન :** સર્વ દુઃખનું મૂળ અને એનો ઉપાય શું ?

**શ્રીમોટા :** આશા-નિરાશા, જય-પરાજય, તેજ-તિમિર, સત્ય-અસત્ય, સુખ-દુઃખ, જુવાની-ઘડપણ, જન્મ-મૃત્યુ, પ્રેમ-ધિક્કાર, દયા-હિંસા વગેરે જુદાં જુદાં પ્રકારના જોડકાં, દ્વંદ્વોની પરંપરા સકળ વિશ્વમાં મૂળભૂત પાયારૂપે રહેલી છે. આ દ્વંદ્વની રચના એટલે જ સંસાર, અને એમાંજ મૂળે ઘર્ષણ, ક્લેશ સમાયેલા છે. માનવી જો જ્ઞાનપૂર્વક વિચારે તો આવું બધું તેના જીવનનો એક નિત્યનો ક્રમ હોય તેવું એને લાગ્યા કરે છે. માટે જો **માનવી કર્મનાં કર્તૃત્વની અને એનાં ફળની આકાંક્ષા અને કામનાની પૂરેપૂરી નિરર્થકતા મનથી સમજી લે, જે છે તે, ને જે મળશે તે બધું ઈશ્વરની પ્રસાદીરૂપ ગણી એને સ્વીકારી લે અને જીવનસાધનામાં લાગી જાય તો તે જીવનસંઘર્ષમાંથી મુક્ત થઈ શકે.**

**પ્રશ્ન :** ભક્તિનો આધાર બુદ્ધિ પર રહેલો હશે કે ભાવ પર ? કે શક્તિ પર ?

**શ્રીમોટા : બુદ્ધિ નહિ, ભાવ પર. જ્યાં ભાવ છે ત્યાં ગજાની વાત હોતી નથી, ને જ્યાં ગજાની વાત કરે છે ત્યાં ભાવ હોતો નથી. જ્યારે ભાવ જાગે છે ત્યારે ખરી ભક્તિ થાય છે,** ને જ્યારે ખરેખરા ભાવથી થાય છે ત્યારે તેનો બદલો કોઈ ને કોઈ રીતથી મળી જાય છે એ જાણજો. **ભક્તિ એ હૃદયનું કાર્યક્ષેત્ર છે, બુદ્ધિનું નહિ.**

**પ્રશ્ન :** સંત-મહાત્માઓને શા વાસ્તે રોગો થતા હશે ?

**શ્રીમોટા :** જ્યારે કોઈ માનવી સાધનાવસ્થામાં હોય છે ત્યારે તે સામાન્યપણે નીરોગી હોય છે અને ત્યારે એ ભગવાન વિષેના ભાવની મસ્તીમાં એવો ડૂબી ગયેલો હોય છે કે એને સુખદુઃખનું ભાન હોતું નથી. જ્યારે તે ચેતનનો અનુભવ કરે છે ત્યારે તેનો પ્રેમ આખા માનવ સમાજ માટે દરિયાની જેમ ખળભળી ઊઠે છે ને તેનું કલ્યાણ કરવા માટે તૈયાર થયેલો હોય છે. બીજા અર્થમાં જે જે લોકો તેના સમાગમમાં આવતા હોય છે તેમનાં દુઃખમાં તે કુદરતી રીતે ભાગ પડાવતો હોય છે. તે મહાત્મા નિમિત્તને કારણે બીજાનાં દુઃખ લઈ લેતો હોય છે. એમ પણ કહેવાય છે જે બરાબર નથી. એને રોગ લેવાનો હોતો નથી, પણ **જેની તેની સાથેના તાદાત્મ્યભાવને લીધે સામાવાળાના રોગની અસર તેના (મહાત્માના) શરીર પર દેખાય છે. એ ક્રિયા બહુ સરળપણે થતી હોય છે.**

**પ્રશ્ન :** અમારા જેવાથી **મહાત્માને ઓળખવા મુશ્કેલ હોય છે. તેને કેવી રીતે ઓળખી શકાય ?**

**શ્રીમોટા :** આવા મહાત્મા સાથે જેણે દીર્ઘકાળપર્યંત પ્રેમભક્તિપૂર્વક સદ્‌ભાવથી પરિચય અને સંગ સેવ્યો હોય તે તેને સમજી શકે. એને ઓળખવા બીજાં લક્ષણ પણ હોય છે. **આવો મહાત્મા નિમિત્ત મળતાં જડને પણ ચલાવી શકે !** જ્ઞાનેશ્વર મહારાજે ઓટલો ચલાવેલો, એ વાંચેલી વાત છે. એ વાંચીને અહોભાવ થઈ જાય છે. **પણ મોટાના મૌન મંદિરનો ઓટલો હાલેલો એ ઘણાએ જોયેલું છે. છતાં ભૂલી જવાય છે એની પાછળ કામ કરી રહેલી શક્તિ અને એટલું જ નહીં, મોટાના સ્થૂળ શરીરના દર્શન પણ મૌનમંદિરમાં કેટલાંકે કર્યાં છે, એની હાજરીનો અનુભવ ત્યાં કરેલો છે,** છતાં શંકા આવે છે. એ વાત જવા દો. એવા અનુભવી આત્માનાં **બીજાં લક્ષણ એ છે કે તે સત્ અને અસત્ બેઉમાં પ્રવર્તે અને સ્થળકાળની મર્યાદા ના હોય.** દિલિપને મારાં બે શરીર દેખાયેલાં **એવો મહાત્મા અનેક શરીર ધરી શકે.** મારા ભાઈ, એને ઓળખવા કરવાની વાત છોડી દો. એની સાથે પ્રેમસંબંધ બાંધો, એનું ચીંધેલું કામ કરો તોયે બસ. **એવા સંબંધથી તમારામાં ભગવાન વિષે ભાવ પ્રગટે તો બસ. મારો એ જ હેતુ છે.**

શ્રીમોટા સાથે વાર્તાલાપ

## ૧૩. ઉર્મિનો સદ્‌પયોગ — મોટા

એ આનંદ સાથે ભાવોર્મિ પણ પ્રગટશે, તે પણ તમે અનુભવશો; પણ જોજો, હોં ! કૃપા કરીને એ આનંદને-એ-મળેલા ધનને-જરાકે વેડફી નાખવાનો નથી. તે આનંદ અને તે શક્તિનો વધારે આનંદ અને શક્તિ મળવાના સાધન તરીકે, એવા હેતુના લક્ષણાત્મક જ્ઞાનપૂર્વકના ભાનથી, એનો ઉપયોગ કરવાનો છે. એંજિનમાં થયેલી વરાળને જો કાઢી નાખવામાં આવે, તો એંજિન ચાલે શી રીતે ? જે હેતુસર તેને ઉત્પન્ન કરવામાં આવેલી છે, તે હેતુ પોતે જ માર્યો જાય, માટે પ્રગટેલા આનંદને આપણા સાધનના ભાવમાં દૃઢ થવામાં સમજી સમજીને વાપરવાના છે, તે ખાસ લક્ષમાં રાખશો. તેવી પ્રકટેલી ભાવનાથી આપણે વધારે ને વધારે અંતર્મુખ થવાનું છે. **જીવનમાં જીવંત પ્રભુપરાયણતા પ્રકટે તે સારુ હરિસ્મરણ, પ્રાર્થના, ધ્યાન આદિ સાધનમાં તેનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી દેવાનો છે.** એટલે કે એ મળેલી શક્તિના વહન માટે એક યોગ્ય પટ પડે તે રીતે વર્તવાનું લક્ષમાં રાખવાનું છે. **જેટલા બહિર્મુખ આપણે રહ્યા કે બન્યા, તેટલું સાચું ધન આપણે ખોયું. બહિર્મુખ થવાથી અંતરમાંનો જાગેલો વેગ પણ ઓસરી જવાનો** — જેમ કેટલીક નદીમાં ઘોડાપૂર આવે છે, પણ પાછું થોડાક વખતમાં પાણી વહી જઈને નદી અસલ જેવી થઈ જાય છે તેમ. જો આપણે બહિર્મુખ થયા કર્યા, તો આપણી અંતરપ્રવૃત્તિ સિંધુ નદીની જેવી સતત વિશાળ, ઊંડી, ને વહેતી નહીં થઈ શકે. એટલે પ્રકટેલા હૃદયના આનંદને બીજાની સાથે વાતો કરવામાં કે આપણે હવે જે દિશા ને કાર્ય પ્રત્યે વળેલા છીએ તેનાથી આડફંટે લઈ જનારા કર્મમાં વાપરી નાંખવાનો નથી; કારણ કે આપણને વાતો કરવામાં—તમે તો મિત્ર છો, એટલે લખું છું – તમને આમેય ખૂબ રસ પ્રકટે છે, ને તે ત્યારે વિશેષ લાગશે. એટલે આપણને ખબર ન પડી શકે એવી રીતે કોઈ વાતોના વિષયમાં લાગી જવાનું મન આવે વખતે ખાસ થાય છે. ત્યારે તેમ ન થવા દેવાની કાળજી ને જાગૃતિ આપણે ખાસ રાખવાની છે. હૃદયની તેવી જાગૃતિ ને આપણી જીવનકક્ષાની ખરી કસોટી એવે વખતે થાય છે. બીજાંઓ સાથે પ્રેમથી, રસની વાતો કરવામાં આપણે મશગૂલ થઈ જઈએ છીએ ને જો એમ થયું ને કર્યું અને તેવી વેળાએ જો આપણે આપણા ધ્યેય પરત્વેનું લક્ષ ચૂકતા રહ્યા, તો હૃદયમાં પેલા આનંદનો પ્રવાહ સતત ચાલુ નહિ રહે.

*'જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૧૦-૧૧)*

### પ્રેમભક્તિથી બધું મળે

ગઈ કાલ સવારનું પ્રેમમય વાતાવરણ ભૂલી શકાય નહિ ! કેટલાં બધાં એકઠાં થયેલાં ! ને તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી ! આવી વિદાય મળે એવો આટલાં બધાંનો પ્રેમ, એ **એ**ની મોટામાં મોટી કૃપા છે. ને એવું એવું જે જે બધું મળે છે, તે બધું જ્ઞાનભક્તિપૂર્વક **એ**ને જ ચરણકમળે ધરાવું છું. આટલી બધી બહેનોના નિર્મળ પ્રેમભાવની તોલે તો શું આવી શકે ! બાકી તમે તો પ્રત્યક્ષ જોયું છે ને જાણો છો. આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, **'બાઘા'** જેવો જાણી જોઈને દેખાનાર, કહેવાતી સભ્યતા જરાકે ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાયને આઘાત, ને તે નહિ તો તાજુબીથી ને કંઈક ઘૃણા ને અવમાનના ઉપજાવનાર, કેટલાયને અભણ દેખાનાર— તમને જાતમાહિતી છે કે કેટલીક આશ્રમની કન્યાઓ તો મને ગાંડો ગણતી ને કેવી પજવતી ! – ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી તદ્દન નિઃસંકોચપણે ફરનાર, અરે ! ફાટેલાં કપડાં પહેરી સેંટ્રલ બેંકમાં જવાથી ક્લાર્ક પૈસા આપવાની ના પાડે ને તેથી મેનેજરને મળવું પડે એવો દેખાવ ધરાવનાર, બને તેટલી રીતે સા....વ ગમાર દેખાનાર ને અક્કલ હોશિયારીનો તો મોઢા પર છાંટોય ન મળે ને એવી રીતે 'ગધેડા'ની ઉપમા પણ પામનાર, એવા મારા પર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી ! આ બધું તો તમે ઘણાં વર્ષોના પરિચય પરથી ખાતરીથી જાણો છો.

આશ્રમમાં ઘણીયે વખત મારી સાથે એકાંતમાં બેસવાથી શાંતિ, આનંદ, પ્રસન્નતાના અનુભવ તમને

અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર

## ૧૪. બધાંને જ ચાહવાનું – શ્રી રમણભાઈ અમીન

નાના, મોટા, ગરીબ, તવંગર, સારા, નરતા બધા તરફ સમતા અને પ્રેમભરી મીઠી નજરનો જીવંત દાખલો એટલે મોટા. મોટાનો આ રોજનો અને સતત વ્યવહાર છે. આપણા જીવનની અનેક ગ્રંથિઓ તોડવા માટે આ એક ઉત્તમ જીવતું ઉદાહરણ છે.

આપણે દરરોજ અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવીએ છીએ. કેટલીક વ્યક્તિઓ આપણને ગમે છે, કેટલીક તરફ આપણને સ્વાભાવિક અણગમો થાય છે, કેટલીક મળવા આવતાં જ ધ્રાસકો પડે છે કે આ શું નવું લફરું આવ્યું ? આપણા જીવનને જો આપણે તપાસીએ તો સતત માગણીઓનો ધોધ આપણા ઉપર આવ્યા જ કરતો હોય છે – કે આપણે પોતે એવી માગણીઓ બીજા પાસે કરતા હોઈએ છીએ. આ વ્યવહારમાં સતત સમતા રાખવી, સારાસારનો વિચાર કરીને યોગ્ય નિર્ણય લેવો અને તે પણ પ્રેમભરી મીઠી નજર રાખીને, તે આપણી ઊર્ધ્વ પ્રગતિ માટે જરૂરનું છે. મોટા તેનું જીવતું ઉદાહરણ છે. અનેક જાતના લોકો અનેક જાતની માગણીઓ સાથે સતત આવ્યા જ કરતા હોય છે. બધાની સાથે પ્રેમથી વાતો કરવી, વાતાવરણ સતત હળવું બનાવવું અને દરેકને કાંઈક ને કાંઈક પોતાને સંતોષ આપે એવું મળી રહેવું, તે આપણો રોજનો અનુભવ છે. **"બધાંની સાથે હળીમળીને ગળી જવાની"** તેમની રીત આપણે અપનાવવા જેવી છે.

આપણી ઊર્ધ્વ પ્રગતિ માટે આપણે ગુરુમાં હળીમળીને ગળી જતાં શીખવું જોઈએ, પણ ગુરુ જ આપણામાં સતત હળીમળીને ગળી જતા હોય તો આપણો માર્ગ કેટલો સરળ થઈ જાય છે ! આપણાં અનેક પાસાંઓને ઘસીઘસીને સાફ કરવાનાં હોય છે. જેમ હીરાને ઘસીઘસીને ચમકદાર બનાવવામાં આવે છે તેમ આપણું થયા જ જતું હોય છે. જેટલી વાર આપણને મોટાના સત્‌સંગનો લાભ મળે ત્યારે આવું કંઈક થયા જ જતું હોય છે. પાછળથી આપણે જ્યારે તે વિષે વિચાર કરીએ છીએ ત્યારે તેનો ખ્યાલ આવે છે કે આ વખતે આપણું કયું પાસું મઠારાયું. કેટલીક આપણી ગ્રંથિઓ સજ્જડ ઘર ઘાલીને બેઠેલી હોય છે તે તરફ આપણું ધ્યાન આડકતરી રીતે અને કેટલીક વાર સીધી રીતે, પ્રેમથી દોરવામાં આવે છે. આપણને વિચાર કરતા કરી મૂકે છે. ધીમે ધીમે પાછળથી આપણને તેનો ખ્યાલ આવે છે. આપણને સુધરવા માટે એક જોરદાર પ્રેરણા મળી રહે છે અને આપણે સ્વચ્છ થવા માંડીએ છીએ. **વ્યવહારમાં આપણને ન ગમતાઓ સાથે પણ આપણી ફરજ ન ચૂકવાનું અને પ્રેમભર્યો સંબંધ રાખવાનો આગ્રહ, ધીમે ધીમે કેવો ફળદાયી થાય છે તે તો આપણામાંના ઘણાએ જાતે અનુભવેલું છે.**

**આપણને સ્વાભાવિક જ્યારે જ્યારે કાંઈક મુશ્કેલી આવે ત્યારે બીજાઓના જ દોષને લીધે આ થયું એમ જોવાની ટેવ પડી ગયેલી હોય છે. આને બદલે પોતાને જ તપાસી લેવાની રીત વધારે સારી છે અને ફળદાયી છે, તેવું ભાન આપણને મોટાના સત્‌સંગથી થયા કરે છે.** આ અપનાવવું સહેલું નથી, પણ સતત પ્રયત્નથી આપણને આછોપાતળો ખ્યાલ આવતો જાય છે અને આની યથાર્થતા આપણને સમજાય છે.

સ્વાભાવિક રીતે જ આપણે એકબીજાને મળીએ છીએ ત્યારે કોઈ એ પ્રસંગની કે કોઈ વ્યક્તિ વિષે વાતો કરતા હોઈએ છીએ અને ન્યાયાધીશ બની જઈએ છીએ. ઘણુંખરું તો બીજાની ભૂલો અને ખરાબ થતું હોય તેના ઉપર જ આપણી વાતો કેન્દ્રિત થયેલી હોય છે. ઘણી વાર તો આપણી પાસે પૂરી વિગતો હોતી નથી અને આ રીતે આપણે અનેક વ્યક્તિઓને અન્યાય કરતા હોઈએ છીએ. મોટા આપણને સમતા

રાખીને બધાને જ ચાહવાનું શીખવે છે. **દરેકમાં કંઈ ને કંઈ તો સારો ગુણ હોય જ. આપણે તેના ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો તેને સહેલાઈથી ચાહી શકીએ. અવગુણો અને વિકારો તો આપણા પોતાના જ વીણી વીણીને કાઢી નાખવાનો પ્રયત્ન કરતા રહેવાનો મોટાનો પ્રેમભર્યો આગ્રહ છે.**

આપણી મલિનતાઓ અને વિકારો મોટા પોતાના ઉપર અનેકવાર લઈ લેતા આપણે જોયા છે. એમના શરીરના એકેએક અંગમાં અનેક સ્વજનોના રોગો છે. **સ્વજનોનો ભાર હળવો કરવાને, પોતાના તરફ આકર્ષવા, અને પ્રભુ પરત્વેની અભિમુખતા જગાડવાનું સાહજિક થયે જતું હોય છે. આનાથી કયો મોટો પરમાર્થ હોઈ શકે ? મોટાની નિઃસ્પૃહતાના પાસાનો પણ આપણને આનાથી જ ખ્યાલ આવી જાય છે.**

**લોકોપયોગી અને સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે મોટા સતત નાણાં ભેગાં કરતા હોય છે. જેમના આ પુરુષાર્થમાં આપણને સહભાગી બનાવી પરમાર્થ કરવાનું શીખવે છે અને ભગવાન તરફની અભિમુખતા જગાડે છે.**

આપણે મોટા પાસેથી બધાંને જ ચાહવાનું શીખીએ.

***('સ્મૃતિગ્રંથ', પ્ર. આ., પૃ. ૪૯-૫૦)***

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

(૧) હરિઃૐ આશ્રમ, સુરતના પૂર્વ પ્રમુખ શ્રી નવીનચંદ્ર અંબારામ ગાંધીના ધર્મ પત્ની હેમલતાબેન નવીનચંદ્ર ગાંધીનું દુઃખદ અવસાન તા. ૧-૧-૨૦૨૫ના રોજ સુરત મુકામે થયેલ છે.

**શ્રીહરિ મોટા ગતાત્માને તેમના શરણમાં રાખે તેવી હૃદયથી પ્રાર્થના**

અનુસંધાન પેજ નં. ૨૪ ઉપરથી

થયા છે; પણ જાગ્રતપણે આ માર્ગના પ્રવાસી તરીકે નહિ. એટલે એ તમારી સાથેના નિકટમાં નિકટ કર્મસાથી અને મિત્રના પરિચયને લીધે ક્યારનું મારા જીવન વિષે તમને કહેવાનું બન્યું હોત પણ કશુ જ કહ્યુ નથી. આ બધું હવે આટલે વર્ષે સ્પષ્ટપણે તમને લખવાનો હેતુ એ છે કે આવું શાથી બની શકે એ જાણવું તમારે માટે હવે જરૂરનું છે. જેના અસભ્ય પોશાક, હાવભાવ, વલણવર્તનના દેખાવથી બહેનોને ('અજાણી હોય તોપણ') થોડીઘણી ધૃણા પણ ઊપજે, એવા પર બસ બધી બહેનોનો પ્રેમનો વરસાદ વરસે તે શાથી ?

**દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,**
**ડૂબે છે તેમાં જે, તરી જઈ અને ધન્ય બસ તે.**

આટલો બધો ને આવો ભાવ મળે એ તો તમે પ્રત્યક્ષ જોયું. પરંતુ તે શાથી ?

**'એ પ્રતાપ પદની રજધૂલિકાનો,**
**દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.'**

જો આપણે એનામાં જ પ્રેમને એકાગ્ર ને કેંદ્રિત કરી શક્યા તો પછી દુનિયાનો પ્રેમ તો મળવાનો છે. માટે હવેથી તો આપણો પ્રેમ તેના પાદપદ્મે સતત વહ્યા કરે એવા જ્ઞાનભક્તિપૂર્વકના સતત અભ્યાસમાં લગાતાર આપણે મંડવાનું છે.

***('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૧૯-૨૦)***

## ભગવાનમાં એકાગ્ર પ્રેમ

હવે આપણે જુદે પંથે વળ્યા છીએ. આ પ્રેમના પંથમાં તો સહેજ પણ અનુદારતા, વાડાબંધી, અસહિષ્ણુતા ન ચાલી શકે. **આ** માર્ગમાં 'સબમેં મેરા લગતા હય' જેવી વૃત્તિ નહિ ચાલી શકે. **આપણે તો હવે શ્રીભગવાનમાં જ એ એકમાં જ, તલ્લીન તદાકાર રહ્યા કરવાનું છે. જીવનને એની પ્રસાદીરૂપે સ્વીકારી એના જ્ઞાનભક્તિપૂર્વકના સંપૂર્ણ યંત્ર બની જવાનું છે** – નહિ કે આપણે બાંધેલા સારાનરસાના ધોરણે હજી પણ જીવવાનું છે. હૃદયનો સંપૂર્ણ પૂરેપૂરો યોગ્ય સાથ મળ્યા વિના કંઈ કશું બની શકતું નથી.

***('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૧૬-૧૭)***


|| શ્રી પરમ પૂજ્ય શ્રીમોટાની કૃપા ||



પૂજ્ય શ્રીમોટા

# પૂજ્ય શ્રી ઝીણાકાકાના
# ૯૯ મા જન્મદિનની ઉજવણી

## મિલન સમારંભ
## રવિવાર, તા. ૧૧-૦૫-૨૦૨૫



પૂજ્ય શ્રી ઝીણાકાકા

|| હરિઃૐ ||

સ્નેહીશ્રી,

વૈશાખ સુદ ચૌદસને રવિવાર તા. ૧૧-૦૫-૨૦૨૫ ના રોજ પૂજ્ય શ્રી ઝીણાકાકાના ૯૯ મા જન્મદિન નિમિત્તે શ્રી ઝેડ. એમ. પટેલ વિદ્યાલય, લવાછાના પટાંગણમાં સત્સંગ મિલન સમારંભ રાખવામાં આવેલ છે. જેમાં આપ સૌને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. આ આમંત્રણને સહર્ષ સ્વીકારી સત્સંગનો લાભ લેવા અવશ્ય પધારશોજી.

: કાર્યક્રમ :

રવિવાર, તા. ૧૧-૦૫-૨૦૨૫

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સવારે | ૦૮.૦૦ | થી | ૦૮.૪૫ | : | નામસ્મરણ - હરિઃૐ ધૂન (લવાછા હરિઃૐ મંડળ) |
| સવારે | ૦૮.૪૫ | થી | ૦૯.૩૦ | : | પરમ પૂજ્ય શ્રીમોટાની સમૂહ પ્રાર્થના, આરતી તથા પૂજ્ય શ્રી ઝીણાકાકાની ભાવાંજલિ |
| સવારે | ૦૯.૩૦ | થી | ૧૧.૦૦ | : | ભજનો (ભાવિક પટેલ, સુરત) |
| સવારે | ૧૧.૦૦ | થી | ૧૧.૧૫ | : | આભાર વિધિ - શ્રી છગનભાઈ એચ. પટેલ |
| સવારે | ૧૧.૧૫ | થી | ૧૨.૦૦ | : | ગુરુવંદના |
| બપોરે | ૧૨.૦૦ | થી | ૦૧.૦૦ | : | પ્રસાદ |

: ઉજવણી સ્થળ :

શ્રી ઝેડ. એમ. પટેલ વિદ્યાલય, લવાછા, તા. ઓલપાડ. જિ. સુરત.
મો. : ૬૩૫૪૨ ૩૫૭૩૪

: સ્નેહાધીન :

શ્રીકાંતભાઈ ભુપતભાઈ ભાલોડિયા તથા શ્રીમતી વનિતાબહેન શ્રીકાંતભાઈ ભાલોડિયા
તથા સમગ્ર પરિવાર (સુરત) તેમજ સમસ્ત ગ્રામજનો લવાછાગામ, તા. ઓલપાડ, સુરત.
મો. : ૯૮૨૫૬ ૯૬૩૫૦

## સાક્ષાત્કાર દિન (પ્રેમાંજલિ) મંગલાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ નોમની શુભ ઘડી ચૈતન્ય રેલાવતી,
સાષ્ટાંગે પ્રણમું ગુરુ ! તવ પદે, ભાવોર્મિ હૈયે ભરી;
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો આનંદધારા વહી !
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૧॥

તારા પ્રેમ-પ્રભાવની જગતમાં કારુણ્યધારા વહી,
તારા મંગલ સંગથી સ્વજનની ઉર્ધ્વે ગતિ થાય શી !
આજે પ્રેમભર્યા પ્રફુલ્લ હૃદયે પ્રાર્થું પદોમાં નમી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૨॥

તારી દિવ્ય કૃપા વહો જીવનમાં માંગલ્ય રેલાવતી,
તારી મંગલ પ્રીતની હૃદયમાં ગંગા વહો પાવની;
શુદ્ધિ હો મન-પ્રાણ ને તન-તણી રૂપાંતરે પ્રેરતી.
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૩॥

તારા ચેતન-યોગથી હૃદયમાં માળા ફરો રામની,
મીઠા મંગલ રામના સ્મરણથી સંતાપ જાજો ગળી;
શાંતિપૂર્ણ પ્રસન્નતા પ્રગટજો ભાવાશ્રુની અંજલિ,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૪॥

શ્રદ્ધા-જ્યોત અખંડ આજ પ્રગટો ઊજાસ રેલાવતી,
પંથે હો ધ્રુવ-તારલી જીવનની કેડી ખરી ચીંધતી;
તારા પ્રેમલ અંકની ભવ-રણે મીઠી મળી વીરડી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૫॥

ચેતાવો પ્રભુ પ્રેમ યજ્ઞ જીવને જ્વાલા જલો **भाव**ની,
એમાં દ્વંદ્વ જલાવીને જીવનમાં એકત્વ સાધો **हरि** !
સદ્‌ભાવે સમતા સુમેળ ધરીને પ્રેમૈક્યતા પામવી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૬॥

કોટી સૂર્ય સમી પ્રભા વિલસતી તારા લલાટે **हरि** !
આજે ધન્ય ઘડી પ્રભુ-મિલનની મુક્તિ સદેહે મળી;
એવા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો જીવતી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૭॥

આજે મંગલ ભાવનું તિલક હું તારા લલાટે કરી,
અર્પું પૂજનમાં ગુરુ ! તવ પદે આ દક્ષિણા **भाव**ની;
અર્પું જીવન-અંજલિ પ્રભુ પદે વૈરાગ્ય-ભાવે ભરી,
ચેતાવો પ્રભુ રામ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી. ॥૮॥

– સરોજબેન કાંટાવાળા



**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL